

# અધ્યાત્મ

વર્ષ-૫ અંક-૬ માર્ચ-૧૯૮૪

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of Febrnary.

**Form-IV ( See Rule-8 )**

| | |
|---|---|
| 1. Place of Publication : | **'ADHYATMA'** plot No. 1688B, Sardar nagar, Bhavnagar-1 |
| 2. Periodicity of its : publication | Monthly |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani Indian. Plot No. 1688-B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Satne as above |
| 5. Editor's name, Nationality and address : | Same as above |
| 6. Name and addresses of individual who own the magazine and partners, share-holders holding more than one percent of the total capital. | The magazine is owned by pujya Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Maninagar Ahmedabad 8 |

I, Shri Narayan H. Jani hereby declare that the particulars given above are true to the best of my Knowledge and belief.

Dated. 10 th, March 1984

Narayan H. Jani
Publisher.



પૂ. શ્રી યોગેશ્વરજી તથા મા સર્વેશ્વરી

## કૃપાની વાદળી

ગુરુ કૃપાની વરસી રે વાદળી,
સ્નાન કરીને ધન્ય બની.

અણધારી ઓચિંતી જીવનમાં આવી.
સૂના જીવનને સજાવી રહી...............ગુરુ ૦

તપ્ત જીવનને શીતળતા દીધી,
જિન્દગી જેણે ઉગારી લીધી..............ગુરુ ૦

વિરોધ કેરા વંટોળ માંહી,
બુઝાતા દીપમાં જ્યોતિ ધરી.............ગુરુ ૦

નિરાશ જીવનમાં આશા ધરીને,
નિશ્ચિંતતાથી જિન્દગી ભરી..............ગુરુ ૦

—મા સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૫ અંક : ૫ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.)
અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર,
શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડબજાર, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## ❋ અનુક્રમણિકા ❋


| | | |
|---|---|---|
| પ્રાર્થનાનો આશ્રય | યોગેશ્વરજી | ૩ |
| સાઉથ આફ્રિકાના સેવાભાવી સત્પુરુષ | મા સર્વેશ્વરી | ૫ |
| ભૈરવીનું આગમન | નારાયણ હ. જાની | ૯ |
| સમાધિ અવસ્થાનું ગીત | રાજેન્દ્ર પંડ્યા | ૧૭ |
| સહૃદય ભક્ત છતાં ધનની વાસનાથી પીડાતા વિઠ્ઠલ જમાદાર | નર્મદાશંકર મહેતા | ૧૮ |
| મન | ભૂપતભાઇ દેસાઇ | ૨૩ |
| અધ્યાત્મ ક્ષેત્રમાં પણ માંગપૂર્તિનો અફર નિયમ | ભાઇલાલભાઈ છાટબાર | ૨૫ |
| મારે ના કંઇ કહેવાનું | મુકુન્દ પારાશર્ય | ૩૧ |
| આંટી ના ઉકલાય | કમલાબેન ઠક્કર | ૩૨ |
| મૂક અજંપો | રણજિત પટેલ | ૩૪ |
| દુઃખ, દરિદ્રતા ને હતાશામાંથી મુક્ત બનવા આધ્યાત્મિક બનીએ | બિપિનચંદ્ર ઠાકર | ૩૫ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૩૯ |
| જાલંધર બંધ | મણિલાલ શાહ | ૪૬ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૪૫ |
| મહર્ષિ શ્રી રમણ દર્શન | કનૈયાલાલ ઝીંઝુવાડીયા | ૪૯ |
| પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ | — | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૯ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૫ માર્ચ-૧૯૮૪ અંક : ૬


## પ્રાર્થનાનો આશ્રય

જીવનમાં ચારેકોર અંધકાર ફરી વળ્યો હોય, પ્રકાશનું એક કિરણ પણ દેખાતું ના હોય, ચિંતાની ચપલાઓ ચોપાસ ચમક્યાં કરતી હોય, વિરોધો તથા વિઘ્નોનાં વાદળ વાતાવરણમાં સઘળે છવાઈ ગયાં હોય, ને વિપત્તિનો વરસાદ વરસતો હોય; ચારે તરફ-થી અગ્નિના અંગાર જેવી લૂ વાતી હોય, બધું બળું બળું થતું હોય, અને વૃક્ષની શીતળ છાયાનું દર્શન ના થતું હોય, પ્રાણ પ્યાસી બનીને પાણી માટે પોકારતો હોય, તોપણ આજુબાજુ નજર નાખતાં ક્યાય પરબ, સરોવર, સરિતા સરખું ના દેખાતુ હોય; તેવે વખતે માનવમન નિરાશ થાય ને નાહિંમત બની જાય. જીવનના ઉત્સાહને અને રસકસને ખોઈ બેસે એ સમજી શકાય તેવું છે. એવા વિષમ વખતમાં પણ માનવે સર્વેશ્વર, સર્વજ્ઞ સર્વાંતર્યામી પરમાત્માની શ્રદ્ધાભક્તિને છોડવી ના જોઈએ. પરમાત્માની અપાર અનુકંપામાં અચળ વિશ્વાસ રાખીને એની આકાંક્ષાથી અંતરના અંતરતમમાંથી પ્રાર્થના કરવી જોઇએ. પરમાત્માની મંગલમયી મદદ માગવી જોઈએ.

પ્રાર્થના કદી નકામી નથી જતી. પરમાત્માની પરમ કૃપાથી એવી પ્રાર્થનાને પરિણામે માર્ગ મળી જાય છે અંધકારના અસંખ્ય ઓળાઓમાંથી પ્રકાશના પુનિત કમનીય કિરણો ફૂટવા માંડે છે. ચિંતાની ચપલા શાંત થાય છે, વિરોધો તથા વિઘ્નોનાં વાદળ વિખ-

રાઈ જાય છે. વિપત્તિના વિપરીત વરસાદનો અંત આવે છે. ઉજ્જડ રણમાં વૃક્ષોનું સર્જન શક્ય બને છે ને પરબ સરોવર, સરિતા દેખાવા માંડે છે. આપત્તિના અંગારા શાંત થાય છે.

પ્રાર્થનાના પરિણામે આશાની અવનવી ક્ષિતિજો ઉઘડવા માંડે છે. કરમાયલા કે કરમાવા માંડતા ક્યારાઓ લીલાછમ થાય છે ને નવપલ્લવિત બને છે. નવાં વૃક્ષો. નવાં પુષ્પો, નવાં પત્રો, વિહંગોના અભિનવ ગીત સ્વરથી જીવનનું ઉપવન સભર બને છે. મૃતઃપ્રાય જીવનમાં શક્તિનો નૂતન પ્રવાહ પ્રગટે છે.

પ્રાર્થનાના પરિણામે જ અર્જુનને મોહમાંથી મુક્તિ મળી. એણે કિં કર્તવ્ય વિમૂઢ અવસ્થામાં ભગવાન કૃષ્ણનું મંગલ માર્ગદર્શન માગ્યું તો તેને તે મળી શક્યું. તેનું જીવન કૃતકૃત્ય બન્યું. દ્રૌપદીનાં વસ્ત્રહરણ વખતે દ્રૌપદીએ પ્રભુને પ્રાર્થના કરેલી, તો તેને મદદ મળી, દુઃશાસન તેની મર્યાદાનો નાશ ના કરી શક્યો. પંચ મહાભૂતો, પંચ પ્રાણ, પાંચ જ્ઞાનેન્દ્રિયો ને પાંચ કર્મેન્દ્રિયોથી ઘેરાયેલી બુદ્ધિરૂપી દુઃખી બેચેન દ્રૌપદી પણ પરમાત્માનું શરણ લે છે તો તે શરણ નિષ્ફળ નથી થતું. તેની સમ્યક્ પ્રકારે સુરક્ષા થાય છે. દુર્ગા સપ્તશતીમાં પણ એજ સનાતન સંદેશ સાંભળવા મળે છે. દેવો દાનવો સામેના યુદ્ધમાં વિજયી નહોતા થઈ શક્યા, ત્યારે તેમણે પ્રેમપૂર્વક પ્રાર્થના કરી. તો તેના પ્રત્યુત્તરરૂપે પ્રકાશ પ્રગટ્યો અને એમાંથી ભગવતી, મહાદેવીનો આવિર્ભાવ થયો. એ મહાદેવીએ એમને આશ્વાસન આપીને ચણ્ડ મુણ્ડ, શુંભ-નિશુંભ, મહિષાસુર, રક્તબીજ, ધૂમ્રલોચન જેવા અસુરોનો સંહાર કર્યો. પરમાત્માની પરમકૃપાથી માનવ પોતાની અંદર રહેલી આસુરી સંપત્તિનો અંત આણી શકે છે; દૈવી સંપત્તિને વિકસાવે છે. એ કૃપાની ઉપલબ્ધિ અથવા અનુભૂતિ માટે પ્રાર્થના એક આત્યંત અસરકારક, અમોઘ, પરમશક્તિશાળી સાધન છે. એમાં સંદેહ નથી. આપણે એનો આશ્રય લઈએ. ચિંતા, ભીતિ, શોક, મોહ, બંધન, અશાંતમાંથી મુક્તિ મેળવીએ !!!

યોગેશ્વરજી



# સાઉથ આફ્રિકાના સેવાભાવી સત્પુરુષ

મા સર્વેશ્વરી

સાઉથ આફ્રિકાની ધરતી ઉપર અમને જેમના અતિથિ બનવાનું સદ્ભાગ્ય મળ્યું તે રતિભાઈના ડરબનના બંગલામાં પ્રવેશીએ ત્યારે જાણે કોઈ દેવમંદિરમાં આવ્યા હોઇએ એવું ક્ષણભર તો અનુભવાય. પ્રવેશદ્વારમાંથી નટરાજની સુંદર પ્રતિમાનાં દર્શન થાય. વળી બેઠકના ઓરડામાં જઈએ તો ત્યાં શ્રીરામકૃષ્ણદેવ, શ્રીશારદામાતા, શ્રીવિવેકાનંદજીની પ્રતિમાઓ અને દિવાલો ઉપર શ્રીનાથજી શ્રીકૃષ્ણરાધાની તસ્વીરોનાં દર્શન થાય. ઘરના લગભગ દરેક ઓરડામાં પ્રભુની તસ્વીર કે પ્રતિમાનાં દર્શન થાય. અને વળી વિશેષ એક અલગ દેવમંદિર પણ ખરું.

એ દેવમંદિરમાં શ્રીરતિભાઈ નિયમિત એક કલાક જપ ને પ્રાર્થનામાં ગાળે. વળી નવરાત્રિના પવિત્ર પ્રસંગે તેઓ ગાયત્રીમંત્રનાં અનુષ્ઠાનો પણ ઉપવાસો સાથે કરેજ. રાત્રે ગમે તેટલું મોડું થયું હોય પણ બહારથી આવીને આરતી કરે. પછીજ નિદ્રા લેવાની. શ્રીરામકૃષ્ણમિશનના સ્વામીજીથી દિક્ષિત થયેલા શ્રીરતિભાઈ દરરોજ ધંધાકીય કામ માટે મોટરમાં બેસે એટલે ભજનો કે પ્રવચનોની કેસેટ ટેપરેકોર્ડર પર ચાલુ જ કરી દે. પળેપળનો સદ્ઉપયોગ અને વળી એઓ જાતે જ મોટર ચલાવે ત્યારે તેમના જમણા હાથમાં એક નાનકડી જપની માળા પણ સ્ટીયરીંગ ઉપર ફરતી રહે. કાનથી ભજન કે પ્રવચનનું શ્રવણ ને મનન અને અંતરથી પ્રભુનું સ્મરણ એ રીતે થતું રહે.

સી. એન. આર. હાઉસની એ નવમાળની ભવ્ય ઈમા-ઈમારતથી ડરબન શહેર ભાગ્યેજ અપરિચિત હોય. એ ભવ્ય ઇમારત શ્રીરતિભાઈના પરિવારની, જ્યાંથી શ્રીરતિભાઇના વિશાળ વ્યવસાયનું સંચાલન થાય. પાંચ પાંચ વિશાળ જનરલ સ્ટોર જેમાં બે તો સુપર મારકેટ આ પરિવાર ચલાવે. એ ધનાઢ્ય પરિવારના મુખ્ય આધારસ્થંભ શ્રીરતિ-ભાઈ, પણ એમની નસમાં અહંકાર કે અભિમાનનો છાંટોએ જોવા ના મળે. સંતપુરુષોને એ હંમેશાં મળે ત્યારે સાષ્ટાંગ પ્રણામ જ કરે. વિદેશની ધરતી ઉપર સાષ્ટાંગ પ્રણામ કર-નારા ભાગ્યેજ જોવા મળે. તે ધરતી ઉપર રતિભાઇની પ્રણામ કરવાની રીતભાત વિરલ અને પ્રશંસનીય ગણાય.

શ્રીરતિભાઈ નવસારી તાલુકાના નાનકડા ગામ વેસ્માના મૂળવતની. વડીલો સાઉથ આફ્રિકા વરસોથી વસેલા. શ્રીરતિ-ભાઇના પિતાજીએ ૧૯૩૩માં નવસારીમાં પોતાના સમાજના વિદ્યાર્થીઓ માટેનો આશ્રમ ને છાત્રાલય સ્થાપેલાં. એ જ રીતે ડરબનમાં પણ વરસો સુધી હિન્દુ એસોસિએશનના મંત્રી તરીકે સેવા આપેલી. એવા સંસ્કારી સેવાભાવી પિતાના સંતાન શ્રીરતિભાઈને ગળથૂંથીમાંથી જ જાણે સંસ્કાર ને સેવાનો વારસો મળ્યો છે. એ સંસ્કારીપુત્ર શ્રીરતિભાઈ આજે ડરબન શહેરની પંદર જેટલી નાનીમોટી સેવાની સંસ્થામાં પ્રમુખ, સેક્રેટરી કે સભ્ય તરીકે રહીને સેવા આપી રહ્યા છે; જેવી કે સુરત હિન્દુ એસોસિએશન, ગુજરાત હિન્દુ ચેરીટી ટ્રસ્ટ, નાતાલ ઈન્ડીયન મેડીકલ સર્વીસ, મહાત્મા ગાંધી મેમો-રિયલ વગેરે વગેરે.

ડરબનની દરેક સેવા સંસ્થાને આર્થિક મદદ નિયમિત કરવામાં પણ શ્રીરતિભાઈ પાછળ નથી. અરે, એમના પરિ-



વારનાં જ સેવાનાં બે ટ્રસ્ટો છે; જે એમણે પોતે જ સ્થાપ્યાં છે. વળી દક્ષિણ આફ્રિકાની રામકૃષ્ણ સેન્ટરની સંસ્થામાં તો તેઓ જાણે કે આધારસ્તંભ બનીને કામ કરી રહ્યા છે.

પોતાના વતનને પણ સેવાકાર્યમાં ભૂલ્યા નથી. વતનના નાના ગામમાં પણ સ્કૂલ, કન્યા છાત્રાલય, ટાઉનહોલ, રામજી-મંદિર, વાડી વગેરેના સર્જન પાછળ ઘણી ઘણી મોટી રકમો-નાં દાન આપીને રતિભાઇ તે સંસ્થાઓની પડખે ઊભા રહ્યા છે.

લક્ષ્મીની કૃપા અને લક્ષ્મીનો સદ્ઉપયોગ એ બન્નેના સમન્વય સાથે ધર્મમય જીવન એ રતિભાઇની વિશેષ વંદનીય બાબત છે.

અમે પણ જયારે સાઉથ આફ્રિકા પહોંચ્યા ત્યારથી દર-રોજ પ્રવચન સ્થળે જવા આવવા, જોવાલાયક સ્થળોએ જવા, અરે જોહાનીસબર્ગ જવા પણ રતિભાઈજ ગાડી લઇને સેવામાં હાજર રહ્યા. વળી શ્રીયોગેશ્વરજીના દરેક પ્રવચનોની કેસેટ ઉતારવાનું વિવિધ સ્થળોની વિવિધ પ્રવચનોની તસ્વીરો ઝડપ-વાનું કામ પણ એમણે પોતાના અંગત શોખથી કર્યું. તેનાથી જનતાને ઘણો લાભ થયો.

વળી શ્રી રતિભાઇએ જ યોગસ્કૂલમાં પ્રથમવાર અંગ્રેજી-માં પૂ. શ્રી પ્રવચન આપે એવો આગ્રહ કરેલો અને તે પ્રવચન પછી પૂ. શ્રી ના અંગ્રેજી વકતૃત્વથી તેઓ વિશેષ આકર્ષાયા અને પછી તો પૂ. શ્રી અંગ્રેજીમાં જ પ્રવચનો આપે એવી એમની ભાવના એમણે વારંવાર વ્યક્ત કરી.

સર્વમંગલ ટ્રસ્ટના 'અધ્યાત્મ' માસિકના આજીવન-ગ્રાહક તેઓ શ્રી શાંતિભાઈની સૂચનાથી તરત જ થઇ ગયા. ઉપરાંત ભારતમાં કેટલીયે સંસ્થાઓ અને વ્યકિતઓને

શ્રી રતિભાઇએ પોતાના તરફથી આજીવન સભ્ય બનાવ્યાં. અધ્યાત્મની એ સેવા પણ વિશેષ સ્મરણીય છે.

શ્રી રતિભાઇના ગૃહજીવનમાં પણ શ્રી પાર્વતીબેનનો સંપૂર્ણ સહયોગ. બન્ને દેવીનાં ઉપાસક. તો બન્નેના ગુરુ પણ એકજ છે. સંતોની સેવા, સત્સંગનો રસ બન્નેનો એક સરખો અને પ્રાર્થના, સ્તુતિ ને જપના નિયમો પણ સરખા જ. ઉપવાસ વ્રતોમાં પણ બન્ને નિયમિત. શ્રી પાર્વતીબેનનો દર શનિવારે હનુમાનજીને તેલ, પ્રસાદ ને ફૂલો મોકલવાનો વરસોથી નિયમ છે. સ્ટીમરમાર્ગે આવજા થતી ત્યારે વરસો સુધી કેટલાયે જાણ્યા અજાણ્યા મુસાફરોને પાર્વતીબેનની હસતે મુખડે થતી ભોજન અને ઉતારાની સેવાનું સદ્ભાગ્ય મળેલું. દરરોજ નવરાશના સમયે શ્રી પાર્વતીબેનના હાથમાં ભજનનું કે કોઈ સંતનું પુસ્તક હોય અથવા કથા સત્સંગની કેસેટ સાંભળતા હોય. શ્રી રતિભાઇની વિશાળ ગુજરાતી પુસ્તકની લાયબ્રેરીનો સુંદર ને સરસ ઉપયોગ શ્રી પાર્વતીબેન જ નિયમિત કરે છે.

શ્રી રતિભાઇના નિવાસસ્થાનમાં દરરોજ સવારે એક દોઢ કલાક સંસ્કૃત મંત્રોચ્ચારની કેસેટ વાગતી હોય ત્યારે દરરોજ એ પરિવારનો નાનકડો પુત્ર નિતેશકુમાર તે કેસેટના તાલ સાથે પોતાના ઇષ્ટમંત્રની માળા મોટા અવાજે કરતો બેઠો હોય, અને એજ રીતે જગદીશ, ઉમેશ અને વીણા પણ પોતાની પ્રાર્થનાના નિયમો પાળે. વિદેશની ધરતી ઉપર આવા ધન્ય ગૃહસ્થાશ્રમનાં દર્શન પણ અદ્ભૂત લેખાય. એ દર્શનથી આનંદ થાય તે સ્વાભાવિક છે.

*



# ભૈરવીનું આગમન

નારાયણ હ. જાની

શ્રી રામકૃષ્ણદેવનો પ્રેમ અને તેમને દરરોજ મળી શકવાના પોતાના અતિ વિરલ અધિકાર બાબત સંપૂર્ણ જાગૃત હોવાને લીધે શ્રી મથુરબાબુ રામકૃષ્ણદેવ પ્રત્યે ઓછા અહેસાનમંદ નો'તા. શ્રી રામકૃષ્ણદેવ વિષે વાત કરતાં શ્રી મથુરબાબુ ઘણીવાર એક સુંદર ઉક્તિ કહેતાઃ તેઓ (શ્રી રામકૃષ્ણ) તો દિવ્યલોકના વાસી છે જયાં કદી રાત્રિ હોતી નથી.

શ્રી ચંદ્ર હલદર નામે શ્રી મથુરબાબુના કુટુમ્બનો પુરોહિત હતો. એમને શ્રી રામકૃષ્ણ દેવના મથુરબાબુ ઉપરના પ્રભાવની તેમજ તેઓને જે રીતે મથુરબાબુ તરફથી પક્ષપાત ભરી ભેટો મળતી તેથી તેમની અદેખાઇ કરતો. આથી મથુરબાબુને પોતાના પ્રભાવ નીચે લાવી, તેની ઉદારતાનો પૂરો લાભ ઉઠાવવાની યોજના મનમાં ઘડ્યાં કરતો. તે પોતે હલકી મનોવૃત્તિનો તેમજ લુચ્ચા સ્વભાવનો હતો. એથી શ્રી રામકૃષ્ણની સાદાઇ ને સરળતાને પણ એક લુચ્ચાઇના અંચળારૂપ સમજતો. મથુરબાબુ પાસેથી વધુમાં વધુ સંપત્તિ કેમ નીચોવી લેવાય, તે માટે શ્રી રામકૃષ્ણદેવ આમ કરી રહ્યા છે, એમ તે માનતો.

એક વખતે સંધ્યા સમયે શ્રી રામકૃષ્ણ દેવ મથુરબાબુના કલકત્તા ખાતેના જનબજારવાળા ઘરે આડા પડયા હતા. તે વખતે તેઓ ભાવાવેશવાળી અર્ધભાન અવસ્થામાં હતા. તેમના ઓરડામાં તે વખતે બીજું કોઇ ન હતું. હલદરને આ સરસ તક સાંપડી ગઈ. તે રામકૃષ્ણને ખૂબ ઢ ઢોળીને પૂછવા લાગ્યો, "ઢોંગ કરતો નહિ, કહી દે કે તેને (મથુરબાબુને) આ રીતે વશ

કરવા માટે શું કર્યું છે! હું શું કહું છું તે બરાબર સમજે તો છેને! તેં એમના ઉપર કયો જાદુ કર્યો છે! આ પ્રમાણે હલદર વારંવાર પૂછતો રહ્યો, પરંતુ તેઓ ભાવાવસ્થામાં હોવાની બોલી શકે તેમ હતાજ નહિ. એથી કંઇપણ જવાબ આપી શકયા નહિ. રામકૃષ્ણના આવા વર્તનથી તે એકદમ ગુસ્સે થઇ ગયો અને ક્રોધના આવેશમાં ચીડાઇને રામકૃષ્ણને જોરથી પગથી લાત મારી કહ્યું "સાલા લુચ્ચા, તો તું મને કંઇ કહેવાનો નથી એમને!'

આનું હલદર માટે કેવુ ભયંકર પરિણામ આવે તે જાણતા હોવાથી શ્રી રામકૃષ્ણે તે વખતે મથુરબાબુને આની કોઈવાત કરી નહિ. પરંતુ પાછળથી જ્યારે બીજા કોઇ અપરાધસર હલદરને કાઢી મૂકવામાં આવ્યો ત્યારે રામકૃષ્ણે મથુરબાબુને તે દિવસે શું બન્યું હતું તેની વાત કરી. આ સાંભળી મથુરબાબુ બોલ્યા કે જો તે દિવસે તમોએ મને આ વાત કરી હોત તો હું તેને જાનથી મારી નાખત. શ્રી રામકૃષ્ણ પ્રત્યેના અપાર પ્રેમ ને આદરને લીધે કદાચ મથુરબાબુએ એમ કર્યું પણ હોત.

× × ×

રાણી રાસમણિના સ્વર્ગવાસ પછી થોડા સમયમાંજ એક એવી ઘટના બની કે શ્રી રામકૃષ્ણદેવની સાધનામાં એક નવા તબક્કાનો પ્રારંભ થયો.

તે દિવસોમાં ભગવાન શંકરના મંદિરના નીચેના નદી કિનારના ભાગમાં ફુલોનો બગીચો હતો. જો કે શ્રી રામકૃષ્ણ પોતે કાલી મંદિરમાં પૂજા કરતા ન હતા. તોપણ પૂજા માટેનાં ફુલો ચૂંટી લાવવાનો એમનો ક્રમ હતો. એક દિવસ તેઓ



આ પ્રમાણે ફુલો ચૂંટી રહ્યા હતા ત્યાં તેઓએ ઘાટનાં પગથિયાં સુધી એક હોડીને આવેલી જોઇ. એમાં ભગવાં વસ્ત્રો પહેરેલી એક સાધ્વી સ્ત્રી બેઠેલી હતી જગદંબાની ઉપાસના કરતી સ્ત્રીઓ આવાં વસ્ત્રો પહેરતી. એની ઉમ્મર લગભગ ચાલીસ આસપાસની હોવા છતાં તે ખૂબ સુંદર, ટટ્ટાર ને આકર્ષક લાગતી. તેના ખભા સુધી છુટા કેશ પથરાયેલા હતા. આ સિવાય એની પાસે કોઈ દુન્યવી સંપત્તિ ન હતી. તે ખરેખર પરિવ્રાજક સાધ્વી હતી.

શ્રી રામકૃષ્ણ ભૈરવીને જોતાંજ એકદમ ઉત્તેજીત થઇ ગયા, જાણે કે ઘણા લાંબા સમયથી તેમના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા ન હોય! તેઓ દોડતા પોતાના ઓરડામાં પહોંચી ગયા ને હ્રદયને બોલાવ્યો. ભૈરવીના પોશાક અને દેખાવની વિગતો જણાવી, હૃદયને એમણે કહ્યુ કે એમની પાસે જઇ એમને મારી પાસે આવવા કહે. હૃદયને આમાં કંઇ ન સમજાતાં એણે શંકા દર્શાવતાં પ્રશ્ન કર્યો કે એણે શા માટે તમારી પાસે આવવું જોઇએ? એ તો તમને ઓળખતી નથી? આ સંબંધે વધુ ચર્ચામાં ન ઉતરતાં શ્રી રામકૃષ્ણે વિશ્વાસપૂર્વક કહ્યું "તું તારે મારૂં નામ દઇને આવવા કહે, એટલે એ જરૂરથી આવશે" રામકૃષ્ણના આવા આત્મવિશ્વાસથી હૃદયને કંઈક આશ્ચર્ય પણ થયું.

હૃદય ઘાટ ઉપર પહોંચે તે પહેલાં ભૈરવી હોડીમાંથી ઉતરીને ઘાટનાં પગથિયાં ચઢી મંડપમાં પ્રવેશી ચૂકયાં હતાં. હૃદય એમની પાસે જઇને શ્રી રામકૃષ્ણે કહેલા શબ્દો કહ્યા તો કંઇપણ વધુ પૂછપરછ સિવાય તેમણે રામકૃષ્ણનું આમંત્રણ સ્વીકારી એની પાછળ પાછળ ચાલવા માંડ્યું. આ જોઇને હૃદયને એક વધુ આશ્ચર્ય થયું. રામકૃષ્ણને જોતાંજ ભૈરવીની

આંખોમાં આનંદનાં અશ્રુ ઉભરાઈ આવ્યાં ને તેઓના મુખમાંથી આશ્ચર્યના ઉદ્ગાર સરી પડયા. 'અરે મારા દીકરા! આખરે તું અહીં મળ્યો! હું તો ધારતી હતી કે ગંગા કિનારે તું કયાંક રહેતો હોઈશ! હું કેટલાય વખતથી તારી શોધ કરતી હતી, પણ હવે તે પૂરી થઈ." આ સાંભળી રામકૃષ્ણે જીજ્ઞાસાથી પૂછ્યું. "પરંતુ મા, તમે મારે વિષે શી રીતે જાણ્યું?"

"મા જગદંબાની કૃપાથી મને જણાયું હતું કે મારે તમો ત્રણ જણને મળવાનું હતું. તેમાંથી બેને તો હું પૂર્વ-બંગાળમાં કયારની ય મળી ચૂકી અને આજે તારો મેળાપ થઇ ગયો."

ભૈરવીએ તે વખતે અગર તો પાછળથી પણ પોતાના વિષે બહુ થોડી વાત કરી છે. એથી એમના એક વિષે રહસ્ય બની રહ્યું છે. તેમના પરિપૂર્ણ સૌંદર્ય અને ચઢિયાતા વ્યકિતત્વને લીધે તે વધુ ઘેરૂ બનેલું છે. આપણે માત્ર એટલું જ જાણીએ છીએ કે તેમનું મૂળ નામ યોગેશ્વરી હતું અને તેઓ બંગાળ-ના જેસોર જિલ્લાના બ્રાહ્મણ કુટુમ્બમાંથી આવેલ છે. તેથી કેટલેક ઠેકાણે એમનો ઉલ્લેખ ભૈરવી બ્રાહ્મણી તરીકે પણ કરવામાં આવ્યો છે. એમણે કયારેય લગ્ન કર્યું હતું કે કેમ, એની આપણને જાણ નથી. એ ઉપરાંત, કયા સંજોગોમાં એમણે સંસારનો ત્યાગ કરી સાધ્વી તરીકે વિચરવાનું પસંદ કર્યું તે વિષે પણ કશી જાણકારી નથી.

મા જગદંબાએ સ્વપ્નમાં પૂર્વ બંગાળમાં જે બે માણસો-ને મળવાની તેમને આજ્ઞા કરેલી, તેમનાં નામ-અનુક્રમે ચંદ્ર અને ગિરજા હતાં. ભૈરવી તેમને બારીસાલ જિલ્લામાં મળેલાં



અને તેમની પાસે થોડો વખત રહી એમને કેટલુંક આધ્યાત્મિક માર્ગદર્શન પૂરૂં પાડેલું. છેક પાછળથી, તેઓએ આ ચંદ્ર અને ગિરીજાને શ્રી રામકૃષ્ણદેવને મળવા દક્ષિણેશ્વર બોલાવેલા. આ બન્ને ઉચ્ચ કક્ષાના આધ્યાત્મિક સાધકો હતા, પરંતુ તેઓને પ્રાપ્ત થયેલ કેટલીક ચમત્કારિક માનસિક શક્તિઓથી તેઓ ખોટા ફુલાતા હોઈ, અંતિમ આત્મ સાક્ષાત્કારના માર્ગમાં અવરોધ અનુભવી રહ્યા હતા.

આવી ચમત્કારી શક્તિઓ વિષે શ્રી રામકૃષ્ણદેવ કહેતા: માણસના ગંધાતા મળની જેમ એનાથી દૂર રહો. કેટલીક વખત સાધનાના પરિણામે તે આપોઆપ પ્રગટ થાય છે. પરંતુ તમે જો એમના તરફ લક્ષ આપ્યું તો એ તમને જોરથી વળગવાની. પછી તમે ઈશ્વરનો સાક્ષાત્કાર નહિ કરી શકવાના. ચંદ્રને સંજયની જેમ દૂર દર્શન અને દૂર શ્રવણની અદ્ભૂત ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત થયેલી. એથી ગમે તેટલે દૂર શું બની રહ્યું છે તે તે જોઇ શકતો. પરંતુ આવી ઉચ્ચ આત્મિક શક્તિ તેને એક ધનવાનની પુત્રીના પ્રેમમાં પડતી બચાવી ન શકી. પરિણામે એની ભારે અવહેલના થઈ. જ્યારે ગિરજામાં એવી શકિત હતી કે તે પોતાના પાછળના વાંસામાંથી પ્રકાશનાં કિરણો ઉત્પન્ન કરી દૂર ફેંકી શકતો. જો કે આ કોઇ મોટી સિદ્ધિ ન ગણાય. શ્રી રામકૃષ્ણ દેવ આવી સિદ્ધિઓની એક સરસ ઉદાહરણ આપી મજાક ઉડાવતા.

એક માણસને બે દીકરા હતા. મોટો દીકરો નાનપણ-માંજ ઘરત્યાગ કરીને સાધુ થઇ ગયો. આ પછી નાનો છોકરો સારી રીતે ભણીને વિદ્વાન અને ગુણવાન બન્યો. પછી પોતાની ગૃહસ્થ તરીકેની ફરજો બજાવવા તેણે લગ્ન કર્યું. બાર વર્ષ પછી પેલો સાધુ થયેલો મોટો ભાઈ નાનાભાઇને ત્યાં આવ્યો.

બન્ને પરસ્પર મળીને ખુશ થયા. સાથે જમ્યા પછી નાના ભાઇએ મોટા ભાઇને પૂછ્યું તમે સંસારનાં સુખોનો ત્યાગ કરીને સાધુ તરીકે આટલાં બધાં વર્ષો પરિભ્રમણ કર્યું. તો તમોએ શું પ્રાપ્ત કર્યું તે મને કહેશો ? મોટાભાઇએ ફુલાઇને જવાબ આપ્યો "મેં ખરેખર શું મેળવ્યું છે એ તારે જોવું છે ! તો આવ, મારી સાથે" એમ કહીને એ નાના ભાઇને પાસેની નદીના કિનારે લઈ ગયો અને કહ્યું, 'હવે જો.' એમ કહી એ પાણીની સપાટી ઉપર ચાલીને સામે કિનારે જઈ પાછો આવ્યો ને કહ્યું, "જોયુને ! મેં શું સિદ્ધિ મેળવી છે તે !" આના પ્રત્યુત્તરમાં હોડી વાળાને અડધો આનો આપી નાના ભાઇએ હોડીમાં બેસી નદી પાર કરી મોટાભાઇને કહ્યું. "તમે જોયુંને મેં અડધો આનો આપી હોડીમાં નદી પાર કરી. બાર વર્ષ સુધી તપ કરીને શું તમે આટલા અડધા આનાનીજ સિદ્ધિ પ્રાપ્ત કરી ? નાના ભાઇનાં આ વચનો સાંભળી મોટો ભાઈ શરમાઈ ગયો. તેને પોતાની ભૂલ સમજાઈ. તે પછી એણે ઈશ્વર પ્રાપ્તિ માટે તપશ્ચર્યા કરવાનો નિશ્ચય કર્યો.

એક બીજુ ઉદાહરણ પણ શ્રી રામકૃષ્ણ આપતા.

"એક યોગી હતો. તેની પાસે એવી અદ્‌ભુત સિદ્ધિ હતી કે તે કહે તે થઇ જાય. કોઈને કહે કે મરી જા, તો તરત જ તેનું મરણ થઈ જાય. પછી કહે જીવતો થા તો પાછો જીવતો થઈ જાય. એક દિવસ પ્રવાસમાં એને એક સંત પુરુષનો ભેટો થઇ ગયો. આ સંત પુરુષ આખો દિવસ ઈશ્વરનું સ્મરણ કરતા અને ધ્યાન ધરતા. આવી સાધના તેઓ ઘણાં વર્ષોથી કરતા. એમને જોઇ પેલા અભિમાની ને ફુલણજી યોગીએ તુચ્છકાર પૂર્વક એ સંત પુરુષને પૂછ્યું, "તમે



મને કહેશો કે આટલાં બધાં વર્ષોથી તમે નામસ્મરણ કરો છો તો તેનાથી તમને શું પ્રાપ્ત થયું ?" પેલા સંત પુરુષે ખૂબ નમ્રતાથી કહ્યું, "ભાઇ, મારે તો શું મેળવવાનું છે ? મારે કશું જોઇતું નથી. મારે તો તેનું દર્શન કરવું છે, પરંતુ તે તો એની કૃપાથી જ શકય બને. એટલે હું શું કરૂં ? એના નામનો જપ કર્યા કરૂં ને આશા રાખું કે મારા ઉપર તે એક દિવસ અવશ્ય કૃપા કરશે."

પેલા યોગી એ કહ્યું, "આ બધી નકામી પળોજણ છે. તમારે કંઇ ચોક્કસ વસ્તુ મેળવવા પુરુષાર્થ કરવો જોઇએ."

આ સાંભળી પેલા સંત પુરુષ ચૂપ રહ્યા. પણ પછી પૂછ્યું, "મહેરબાન, તમે શું મેળવ્યું છે એ મને કહેશો. પેલો યોગી બોલ્યો. આ ધ્યાનથી જુઓ. "એમ કહી પાસેના ઝાડે બાંધેલા હાથી તરફ ફરી એણે કહ્યું "હાથી, તું મરી જા." બસ આટલું સાંભળતાં જ હાથી જમીન ઉપર ઢળી પડી, તુરત જ મરણ પામ્યો. 'હવે ફરી જુઓ. અને પેલા મરેલા હાથી તરફ ફરી બોલ્યો, "ચાલ, હવે જીવતો થઈ જા." આટલું કહેતાંમાં જ હાથી બેઠો થઇ ગયો અને પોતાના શરીર-ઉપરની ધૂળ ખંખેરી પહેલાંની જેમ ઝાડ નીચે ઊભો રહી ગયો.

એ જોઈ પેલા યોગીએ ગર્વભેર કહ્યું. "મેં શું મેળવ્યું છે તે તમારી જાતે જોયુંને !

આ બધો સમય પેલા સંત પુરુષે શાંતિપૂર્વક બધું જોયાં કર્યું, પછી ધીરેથી પૂછ્યું, 'યોગીરાજ, મેં હાથીને મરતાં ને ફરી જીવતો થતાં જોયો. પરંતુ આ સિદ્ધિથી તમને શો લાભ થયો એ કહેશો ? એનાથી તમે જન્મમરણના ફેરાઓમાંથી શું

છૂટયા ? કે તમે રોગ અને વૃદ્ધાવસ્થાથી શું મુક્ત બન્યા ? શું એનાથી તમને ભગવદ્ દર્શન કરવામાં કંઇ મદદ મળી ?”

આ સાંભળી પેલો યોગી મૂંગો બની ગયો. એને પોતાની ભૂલ સમજાઇ, ને સાચી સમજ પ્રાપ્ત થઇ. (ક્રમશઃ)

(શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડના આધારે)

સદ્‌વિચારો જ્યારે મનુષ્યના જીવનમાં વણાય જાય છે ત્યારે કુવિચારો તેના અંતઃકરણમાં પ્રવેશી પણ શકતા નથી. નિષ્કામ કર્મ કરવામાં તેમને અલૌકિક સુખ અને આનંદ મળે છે. ઉદાર બનો. તમારા હૃદયમાં શુદ્ધ નિષ્કામ સેવાની સાચી ભાવના ઉત્પન્ન કરો. જીવનની એકે એક ક્ષણનો જીવનના આદર્શ લક્ષ્ય તરફ જવા ઉપયોગ કરો. આમ થશે. ત્યારે તમને નિષ્કામ સેવાની વાસ્તવિક મહત્તાનું ભાન થશે. નિષ્કામ સેવાના પ્રખર યોગીના રૂપમાં તમે ઝળહળી નીકળો. બ્રહ્મસુખનું તમને આસ્વાદન હો !



# સમાધિ અવસ્થાનું ગીત

ઘૂઘવે સાગર, ઉછળે હૈયુ, સંધાયો છે તાર.
હવે ખુલ્યાં હૃદયનાં દ્વાર.

બંધન તૂટયાં, જગત આખ્ખું નવલું ભાસે,
નવલું સંગીત ગણુગણું છું નવલા સાઝે,
સૌને કાજે સ્નેહ રેલાયો આજ અપાર.
હવે ખુલ્યાં હૃદયનાં દ્વાર.

એક દીસે આજે ગગન—ધરતી.
સઘળે ઉમટી આનંદ-ભરતી.
ઐકય અનુભવું કિનારો-મઝધાર.
હવે ખુલ્યાં હૃદયનાં દ્વાર.

પરપોટો શું ? શું મોજુ પ્હાડ જેવું !
નિરભ્ર ગગને વાદળ કેવું !
ઊતર્યો શિર પરેથી મણુ-અધમણિયો ભાર.
હવે ખુલ્યા હૃદયનાં દ્વાર.

—રાજેન્દ્ર પંડ્યા

સહૃદય ભક્ત છતાં ધનની વાસનાથી પીડાતા

# વિઠ્ઠલ જમાદાર.

—નર્મદાશંકર એન. મહેતા

વિઠ્ઠલ જમાદાર પરમાત્માના સહૃદય ભકત હતા, પરંતુ જીવનભરની તેમની નિર્ધનતાને લઇને ધન મેળવવાની વાસના તેમના અંતરમાં સતત પ્રજળ્યા કરતી. ઇશ્વરની પૂજાનો પ્રાતઃકાળનો કાર્યક્રમ આટોપી વિઠ્ઠલ જમાદાર ગદ્ગદ્ કંઠે બે હાથ જોડી ઇશ્વરને ધન આપવા માટે પ્રાર્થના કરતા અને તે પ્રાર્થના કરતાં તેમના ચિત્તમાં ભાવિ કલ્પનાનાં ચિત્રો તરવરી રહેતાં. તેઓ વિચારતા કે "જો એક વખત પ્રભુ મને લક્ષ્મી આપે તો હું તૃષિતોને માટે કુવા ગળાવું, પુણ્યક્ષેત્રો-માં ધર્મશાળાઓ બંધાવું, ગિરનાર, આબુ, કાશી વિશ્વનાથ અને હિમાલય, મથુરાં, પ્રયાગ અને ગયાની યાત્રાઓ કરી આ કાયાને પવિત્ર કરું."

પ્રભુની મૂર્તિ સામે બેસી ધર્મશાળાઓ અને તીર્થયાત્રા-નાં અનેક કલ્પના ચિત્રો વિઠ્ઠલ જમાદાર પોતાના મનમાં ખડા કરતા; અને તેનો કાલ્પનિક આનંદ અનુભવતા. ઘણી-વાર તો આંખો મીંચી જતા, વળી આંખો ઉઘાડી પ્રભુની ગદ્ગદ્ કંઠે પ્રાર્થના કરતાં તેમની કલ્પના સળગી ઉઠતી. "અહો ! એક વખત ધન મળે તો અનેક અપંગ અને અંધ-જનોનાં દારિદ્રય હું ફિટાડી દઉં. આપણા દેશમાં અનેક વિધવાઓ અને નિરાધાર બાળકો ઘણું દુઃખ સહન કરે છે.



મારા ધનમાંથી તેમને સહાય કરી તેમનાં દુઃખી હૃદયોને હું જરૂર શાંત કરું."

આવી કંઇ કંઇ પ્રાર્થનાઓ વિઠ્ઠલ જમાદારે કર્યા કરી. કેટલીય યોજનાઓ મનમાં ઘડયા કરી. કેટલીએ કલ્પનાઓમાં ઘડીભર રાચ્યા, પરંતુ તેમને ધન કદી મળ્યું નહિ. વર્ષો પછી વર્ષો વીતી જવા લાગ્યાં. વિઠ્ઠલ જમાદારની નિરાશા વધતી ગઈ. તેમનું શરીર ધનપ્રાપ્તિની વાસનાના દાહથી અકાળે વૃદ્ધ બની ગયું. વાળ ધોળા થઇ ગયા. તેમના પરિપુષ્ટ દેહ ઉપર વૃદ્ધાવસ્થાની કરચલીઓ જણાવા લાગી. કોઇ હૃદયભેદી વિષાદ-ની ગમગીન ભરી છાયા તેમના ચહેરા ઉપર ફરી વળી.

એક વખત કોઇ ઉચ્ચ ભૂમિકાવાળા સાધુ વિઠ્ઠલ જમા-દારના ગામમાં આવી ચડયા. પહેલી નજરે જ તેમણે વિઠ્ઠલ જમાદારની પવિત્રતા અને ભક્તિનાં શાંત જીવન જળ વચ્ચે ધનપ્રાપ્તિની વાસનાના વડવાનલની કરાલ જવાળાઓ પારખી લીધી. વિઠ્ઠલ જમાદારે એમને પ્રણામ કર્યા, ભોજન આપ્યું, થોડા દિવસ તેમની સેવા કરી એટલે તે સંત આપો-આપ બોલી ઉઠયાઃ–

"જમાદાર તમારા અંતરની ઇચ્છા હું કળી ગયો છું. પણ તેની સિદ્ધિ માટે હું તમને અક્કલકોટ જવાની સલાહ આપું છું. ત્યાં ઈશ્વરના સાક્ષાત્ અવતારરૂપ તમારૂં દુઃખ એક ક્ષણમાં ટાળશે. આર્ત ભક્તોનાં દુઃખ નિવારણ માટે જ તેમણે માનવદેહ ધર્યો છે. માટે તમે વગર વિલંબે ત્યાં પહોંચી જાઓ."

વિઠ્ઠલ જમાદારનો ચહેરો આશાથી ચમકી રહ્યો. ઉત્સાહ-થી તેમના શરીરમાં જાણે કોઇ નવું ચેતન ઝબક્યું. એકદમ જ

તેઓ અક્કલકોટ પહોંચી ગયા. સ્વામીજીના ચરણે દંડવત્ પ્રણામ કરી આંસુ સારતા ઉભા થઈ બે હાથ જોડી કંઇ પ્રાર્થના કરવા જતા હતા, ત્યાં તો સ્વામીજીએ અંતર્યામી શક્તિથી તેમની ભાવના જાણી લીધી અને અનેક ભક્તજનોની વચ્ચે ઉપદેશ આપતાં બોલ્યા : "ઓ જમાદાર ! વાવ-કુવા બંધાવવાથી, ધર્મશાળાઓ ચણાવવાથી કે અનેક યાત્રાઓ કરવાથી જીવનનું પરમ તત્ત્વ પ્રાપ્ત થાય છે એ તારી માન્યતા ભૂલ ભરેલી છે. જેવી રીતે અસત્ કર્મો આપણા ચિત્તને સંક્ષુબ્ધ કરે છે, અને બંધનો ઊભાં કરે છે તેવી રીતે વાસનાયુક્ત સત્કર્મો પણ ઓછાં બંધન ઉભાં નથી કરતાં."

વિઠ્ઠલ જમાદાર નમ્રભાવે બોલી ઉઠયા : "ઓ સ્વામીજી ! મને ક્ષમા કરો. હું તમારૂં નાનું બાળક છું. મારી આ એક પ્રબળ મનોકામના પૂર્ણ કરો. અનેક વર્ષોથી ઘડેલું મારૂં આ સ્વપ્ન ભલે પૂર્ણ થાય. ઓ સ્વામીજી ! હું યાત્રા કરું, ગાય અને બ્રાહ્મણની સેવા કરી શકું, નિરાધાર જનોનાં દુઃખ ટાળી શકું અને વાવ, કુવા, ધર્મશાળાઓ બંધાવી અનેક દુઃખીજનોને આશ્રય આપી શકું, એવું મારા હાથે થવા દો. હે સ્વામીજી ! મને એવા આશીર્વાદ આપો કે મારી આ વાસના ફલિત થાય એટલું ધન મને મળે."

દિવ્ય ભાવનાનાં તેજ તેના મગજ ઉપર રેલાવતા હોય એવી દૃષ્ટિથી સ્વામીજી થોડી ક્ષણ તેની સામે જોઇ રહ્યા. તેના મનમાં શાંતિનાં તેજ પથરાયાં, જ્ઞાનનો પ્રકાશ એકાએક જાગ્રત થયો. તેના વિચારોએ પલટો લીધો. દિવ્ય પુરુષોના સાન્નિધ્યથી પણ ઘણી વખત આપણી મનોદશા ફેરવાઇ જાય છે. સંતોની આસપાસ પ્રસરતું વિજળીના પ્રવાહ જેવું દિવ્યતાનું, પવિત્રતાનું વાતાવરણ એક સમર્થ શક્તિરૂપ છે. વિઠ્ઠલ



જમાદાર બોલી ઊઠ્યા : "ઓ સ્વામીજી ! હું દાતા બનું એવો અહંકાર મારે રાખવો ન જોઇએ. હું તો ઈશ્વરનો ભક્ત છું–અને એના સેવક તરીકે ઇશ્વરનું ધન ગરીબ જનોમાં વેરીશ. કોઇ ધનિક પોતાના મુનીમને પૈસા આપી નિરાધાર જનોને મદદ આપવા મોકલે, તેમ હે સ્વામીજી ! હું પ્રભુના મુનીમ તરીકે પરોપકારનાં કાર્યો કરીશ અને છેવટે જગતની માયાની જંજાળમાંથી છૂટી જઇ તમારે શરણે આવીશ."

[આ સાંભળી સ્વામીજી બોલ્યા : 'વિઠ્ઠલ જમાદાર, જ્યાં સુધી માનવીમાં હુંપણું બળવાન હોય છે, મારે ધન પ્રાપ્ત કરવું છે, મારે ધન વાપરવું છે, મારે નામના મેળવવી છે એવી એવી અહંકાર વૃત્તિ પ્રબળતાથી ઉછળતી હોય છે, ત્યાં સુધી ઈશ્વર તેને ધન આપતો નથી. પરંતુ જ્યારે તે સમજતો થાય છે કે મનુષ્ય તો યંત્રની પૂતળી જેવો છે; તેને નચાવનાર ઇશ્વર તત્ત્વ તો અદૃષ્ટ રહેલું છે. કોઇ પરમ સત્તા પોતાને જેમ દોડાવે એમ માનવીએ દોડવું, એજ એનું કર્તવ્ય છે. ત્યારે તેની સ્થિતિ એકદમ સારી થઇ જાય છે. તે પોતાની શક્તિ અને બુદ્ધિથી મળ્યું છે એવો અહંકાર તેણે રાખવો તે અજ્ઞાન છે. તેની મારફત તે ધન ઘણાંને મળી શકે એવી ઇશ્વરી યોજના હશે, એમ તેણે સમજવું જોઇએ. પોતે તો ધન વહેંચવામાં નિમિત્તમાત્ર છે, ઇશ્વરનો મુનિમજ છે, એવી બુદ્ધિ સતત સેવવી જોઇએ.

ઉપનિષદ્‌માં કહેલું છે કે तेन त्यक्तेन भुंजीथाः ॥ જ્યારે માણસ અંદરથી મરી જાય, અહંભાવ રહિત થઇ જાય અને છતાં કર્તવ્ય કર્મ કરે અને સમજે કે 'ઈશ્વર જે કર્મો કરાવે તે હું કરૂં છું, આમાં મારું કાંઇ નથી. હું કાંઈ કરી શકું

એવી શક્તિવાળો પણ નથી; વિશ્વની વિરાટ યોજનામાં હું તો નાનું સોગઠું છું. તે ચલાવે તેમ મારે ચાલવાનું છે. આવી શુદ્ધ ભાવના જાગે ત્યારે સંયોગો અને ધન આપોઆપ આવી મળે છે.”

વિઠ્ઠલ જમાદાર આ જ્ઞાનધારાથી તરબોળ બની નમી રહ્યા. સ્વામીજીની કૃપાથી એવા અણધાર્યા પ્રસંગો બન્યા કે તેમને ખૂબ ધન પ્રાપ્ત થયું. કુવા, વાવ અને ધર્મશાળાઓ બંધાવવાની અને ગરીબ અને નિરાધારને પોષવાની તેમની વાસના પૂર્ણ થઇ એટલે તેમના સંકલ્પો શમી ગયા. ચિત્ત પ્રશાંત બન્યું. આત્માનો દિવ્ય આનંદ વાસનાનું આવરણ તૂટતાં આપોઆપ સ્ફુરવા લાગ્યો.

* * *

જમાદાર જીવનની અંતિમ અવસ્થામાં સ્વામીજી પાસે રહ્યા અને આત્મશાંતિમાં વિલીન થયા.

*

દરેક પ્રકારની ખોટી માન્યતાઓ, માનસિક દુર્બળતાઓ, અંધ વિશ્વાસ અને ખોટા વિચારોનો ત્યાગ કરો. પ્રેમમય જીવન જીવો. દિવ્ય જીવનમાં શ્રદ્ધા રાખો. ઈશ્વરમય જીવન જીવવા નિરંતર પ્રયાસ કરો. પરમ આનંદની પ્રાપ્તિ જરૂર થશે.



# મન

ભૂપતભાઈ દેસાઈ

અમદાવાદ રેડિયો સ્ટેશનમાં દરરોજ સવારે અપાતા “ અમૃતધારા ’ કાર્યક્રમમાં પ. પૂ. યોગેશ્વરજીએ “ મન ” ઉપર આપેલ વાર્તાલાપનું મને અવાર નવાર ચિંતન થતું રહે છે. આ સત્સંગ વાર્તાલાપ જીજ્ઞાસુઓને ઉપયોગી હોઇ “ અધ્યાત્મ ” માસિક માટે મોકલું છું.

મન મહાન શક્તિશાળી છે, તેથી તે આત્માભિમુખ હોય તો, માનવનો મિત્ર બને છે, અને વિષયાભિમુખ હોય તો માનવના શત્રુ તરીકે કામ કરે છે. મન મોટા ભાગે અશાંત અને અસંતુષ્ટ રહે છે. તેથી તેને સંતોષી અને શાંત કરવું જોઈએ. ભર્તૃહરિએ વૈરાગ્યશતકમાં કહ્યુ છે કે, વલ્કલ પહેરી અને ફળફૂલ ખાઇને જે સંતોષ માને છે તેમજ જે સત્તા અને સંપત્તિની ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિ ભોગવીને સંતોષ અનુભવે છે તે બન્ને પ્રકારના સંતોષ સરખા છે. કેમકે, મનને તેથી સંતોષ છે. આ રીતે સંતોષ મનનો મહાન ગુણ છે. જેને પ્રકૃતિજન્ય સુખની ઇચ્છા નથી, પણ પ્રભુ જે આપે છે તેથી સંતોષ છે, તેજ શાંત રહી શકે છે. સાચું સુખ, સંતોષ અને શાંતિમાં છે. તેથી જો મન શુદ્ધ થાય, નિર્મળ બને તો શાંતિ પામી શકાય. મહર્ષિ પતંજલિએ મનને સંયમમાં રાખવા અષ્ટાંગ યોગનાં સાધનો બતાવ્યાં છે. ભકિતથી પણ મન પ્રભુ પરાયણ કરી શકાય છે. સ્વભાવ પ્રમાણે જેને જે અનુકૂળ હોય તે માર્ગે એટલે કે જ્ઞાન, કર્મ, ધ્યાન અને ભકિતનો ઉપયોગ કરીને, મનને ઇશ્વરાભિમુખ કરવા સતત પ્રયત્નશીલ રહેવાથી મનની શકિતઓ મિત્ર

તરીકે કામ કરે તે માટે "સંતોષ" નો ગુણ જીવનમાં લાવવો જોઈએ. પ્રભુ જે આપે તે, પછી તે શ્રીમંતાઈ હોય કે ગરીબાઈ હોય, નિરોગી હોય કે રોગી અવસ્થા હોય, સુખ હોય કે દુઃખ હોય, અનુકૂળતા હોય કે પ્રતિકૂળતા હોય, આ બધું પ્રભુએ મોકલેલ પ્રસાદી છે, તેમ સમજીને, જે સંતોષ રાખી શકે તે જીતેન્દ્રિય બનીને, મનને મિત્ર બનાવી શકે છે. મન ચગડોળની માફક સંકલ્પો–વિકલ્પો કરીને સતત ફર્યા જ કરે છે. કદાચ પાણીનું પોટલું બંધાય, અને વાયુને પકડાય, પણ મનને પકડવું અતિ મુશ્કેલ છે તેમ અર્જુન શ્રીકૃષ્ણને કહે છે, તેને ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે, અભ્યાસથી અને વૈરાગ્યથી મનને વશ કરી શકાય છે. સ્થિત–પ્રજ્ઞનાં લક્ષણો કહેતાં પણ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, મન અને ચિત્ત સંવેદનશીલ બને, પણ સમતુલા ગુમાવે તેટલી હદે ન જાય, તેનો સતત અભ્યાસ કરવાથી તે સ્થિતિએ પહોંચી શકાય છે. આ રીતે અખંડ પરમાનંદની પ્રાપ્તિ માટે સત્સંગ વાર્તાલાપ દ્વારા પ. પૂ. યોગેશ્વરજીએ ધર્મામૃતનું પાન કરાવ્યું.

---

સત્ય, શાંતિ અને સુખના અક્ષયધામનો સાચો અને સરળ રસ્તો પ્રેમ છે. ત્રિભુવનો આ એક જીવંત સિદ્ધાંત છે. મીરાં, તુકારામ અને ગૌરાંગ મહાપ્રભુ પ્રેમના પ્રભાવે જ મહાન બન્યાં છે.



# અધ્યાત્મ ક્ષેત્રમાં પણ માંગપૂર્તિનો અફર નિયમ

ભાઈલાલભાઈ છાટબાર

**સાધકની ક્ષમતાઃ**–કડક સદ્ગુણપાલન અને ઉચ્ચ નૈતિક ધોરણો જાળવનાર, વ્યવહાર–આચરણમાં શુદ્ધ અને પવિત્ર એવા વિવેકી સાધકની ચેતના ઇન્દ્રિયાતીત પ્રદેશમાં પ્રવેશ પામતાં, તે પળે પળે સચ્ચિદાનંદમાં રમણ કરતી થઈ જાય છે. સાધકની ક્ષમતાનો માપદંડ (૧) આવેશ–આવેગના પવિત્રીકરણમાં (૨) વિચાર-વૃત્તિના આધ્યાત્મીકરણમાં અને (૩) મૂળભૂત ઉચ્ચ આદર્શોના અમલીકરણમાં સમાયેલો છે. આવી શ્રેષ્ઠ કક્ષાએ સાધક 'માંગના નિયમ' મુજબ પોતે માગેલી સર્વમંગળકારી વસ્તુ અવશ્ય પામે છે. અવિચલિત શ્રદ્ધા, અખૂટ ધીરજ અને સાધનાનું સાતત્ય–આ ત્રણેયમાં સાધકની ક્ષમતાની કસોટી થાય છે.

**ઘટના, દૃશ્ય, વસ્તુનું અમર અસ્તિત્વઃ**–વિશ્વ-ચેતનાની ગતિમાંથી સર્વકાંઈનું સર્જન થાય છે. માનવજીવન અને પ્રસંગમાત્રનું તે ઉત્પત્તિસ્થાન છે. પ્રત્યેક ઘટના, દૃશ્ય કે વસ્તુનું પરમચેતનામાં કાયમી અસ્તિત્વ હોય છે. તે દરેકને વિશિષ્ટ પ્રકારનાં આંદોલનો હોય છે. વિશ્વચેતનાની ગતિનાં સૂક્ષ્મ આંદોલનોનો સંસ્પર્શ પામતાં, વ્યક્તિની આંતરૃચેતના પ્રભાવિત થઇ, સુસંવાદી તાલમેળ દ્વારા, સાનુકૂળ પ્રતિભાવ દર્શાવે છે. સંસ્પર્શ પામેલી આંતરૃચેતનાની ઊર્જા પછી કોઈપણ ઘટના, દૃશ્ય કે વસ્તુને પ્રકાશિત કરી પ્રગટ કરવા

માટે ક્ષમતાયુક્ત બની રહે છે; કેમકે અનંત અને અપાર પરમાત્મામાંથી પૃથક્ વ્યક્તિ રૂપે મનુષ્ય પ્રગટ થયો છે, તેથી તેનામાં પ્રતિબિમ્બિત થઈ પ્રગટ થતાં સઘળાં સામર્થ્યો પણ અનંત અને અપાર છે.

**ચૈતન્યમાં આંદોલિત વિચારપ્રવાહોઃ**-પોતાના મન-પ્રદેશના દેશકાળાતીત સામ્રાજ્યમાં મનુષ્ય શારીરિક મર્યાદાઓ-થી પર છે. ચૈતન્યને ઓવારે પહોંચેલું ધ્યાન આત્મસાત્-પૂર્ણપણે વિકસિત મન–સભાનપણે દૂરદૂરના વિચારપ્રવાહોને ગ્રહણ કરવાની શકિત ધરાવતું હોય છે. મનોમન સાક્ષી (ટેલિપથી) ની હકીકત આ રીતે ઘટે છે.

સાધક પોતાની વિકસિત આંતરૂચેતના અનુસાર વિશ્વ-વ્યાપક ચૈતન્યમાંથી વિચારપ્રવાહને પકડે છે અને તે રીતે વ્યકિત–સમૂહ પણ એકીસાથે આવા વિચારપ્રવાહમાં એક સમાન ખ્યાલોને પકડતો હોય છે.

બે વ્યકિતઓ એક જ સામાન્ય સ્તર પર એકસરખો વિચાર કરતી જોવામાં આવે છે ત્યારે તે બંને પણ વિશ્વ-વ્યાપક ચૈતન્યમાંથી તરંગિત થતા એક જ વિચારપ્રવાહમાં હોય છે. પરિણામે તે બંને વ્યકિતઓ એકસમાન ખ્યાલો પ્રાપ્ત કરતી હોય છે.

**આંતર્ પ્રેરણાઃ**-તર્ક અને વિચારણામાંથી માનવ મનને અલગ કરવું કઠિન છે પરંતુ પ્રગાઢ ધ્યાન–અવસ્થામાં મનની તીવ્ર એકાગ્રતાની સ્થિતિ દરમ્યાન–મનોલય થઈ જતાં–આંતરૂપ્રેરણાની શકિત કામ કરે છે. આમ માનવ–અસ્તિત્વ



અને માનવ–વ્યવહારોમાં **‘ અકલ્પિત અદૃશ્ય બળો ’** શ્રેષ્ઠ અને ગુરુતમ ભાગ ભજવે છે.

બાહ્ય કોઈ સબળ પ્રમાણ વિના અંતરમાં પ્રગટ થતી ખાતરી, અંતઃકરણમાં વસી રહેલ પરમાત્મા વડે જ પ્રગટેલી હોય છે. આવી ખાતરીને બુદ્ધિ કે તર્ક સાથે કશી નિસ્બત હોતી નથી. શ્રદ્ધા તેનો આધાર હોય છે અને બુદ્ધિ કરતાં શ્રદ્ધાનો જ સર્વદા અધિક વિજય થાય છે. આ આંતરૂપ્રેરણા-નો ઉદય પોતાની અંદર જ આવેલું આનંદનું **‘ ધવલ કૈલાસ–શિખર ’** બતાવે છે.

**મનની અને ચૈતન્યની ગતિ વચ્ચે સંપર્કઃ**-જડચેતન વસ્તુની અંદર અને તેની આસપાસ વિશ્વવ્યાપક ચૈતન્યની ગતિના નિયમો કામ કરે છે. ગતિભેદ, ગતિઓનું સંમિલન, ગતિઓનો સંગ્રહ, ગતિની પીછેહઠ, ગતિનો અન્ય વસ્તુમાં કે અન્ય સ્વરૂપે આવિર્ભાવ, ગતિનું સ્થંભન, ગતિનું વિનાશીકરણ અને ગતિનો સમય–આ બધાં વિશ્વચૈતન્યની ગતિનાં વિવિધ સ્વરૂપો કે પાસાં છે.

સુચારુ ધ્યાન દ્વારા વિશ્વચૈતન્યની ગતિ સાથે મનના ક્રિયાત્મક પ્રવેગને કેન્દ્રિત કરી, મનુષ્ય નૈરાશ્ય, વિચાર-દૌર્બલ્ય અને અહમ્ ઉપર વિજય મેળવી, (૧) અપ્રતિમ પ્રતિભા, (૨) શાન્તિનો પ્રસાદ અને (૩) આત્મિક સત્તાનું ઉચ્ચતમ પદ પ્રાપ્ત કરી શકે છે.

**ચૈતન્યશક્તિનું સામ્રાજ્યઃ**-શરીર, મન અને આત્મા-ની સુસંવાદિતા આવશ્યક છે. તે પ્રાપ્ત થતાં પ્રગાઢ ધ્યાન દરમ્યાન અતીન્દ્રિય દ્વાર ખૂલી જાય છે, મનાતીત પ્રદેશમાં

પ્રવેશ મળે છે અને ચૈતન્યશક્તિની અજબ દુનિયાની સંપત્તિ પમાય છે. મનબુદ્ધિ પ્રેરિત ઈચ્છાશક્તિ અને સંકલ્પબળથી પર મુક્તપણે વિલસતું, આ ચૈતન્યશક્તિનું અનોખું દિવ્ય સામ્રાજ્ય છે.

આ ચૈતન્યશક્તિ–ચિત્‌શક્તિ–પરમચેતના કલ્પવૃક્ષ સમાન છે. મનુષ્ય જે જે શુભ ભાવનાઓ રાખે તે તે આ ચૈતન્ય-શક્તિ પૂરી કરે છે. મનુષ્યની ભાવનાઓ ચલિત થયા કરે છે તેથી ભાવનાનું નક્કર સામ્રાજ્ય રચી શકાતું નથી અને ભાવના ફળતી નથી.

**ચૈતન્ય-સત્તા અને માંગપૂર્તિઃ**–મનુષ્યની પ્રત્યેક મંગળકારી ભાવનાની પૂર્તિ પરમચેતનાના સામ્રાજ્યમાં અસ્તિત્વ ધરાવે છે. તેની દ્વારા માનવમનમાં રહેલ પ્રત્યેક ભાવના તૃપ્ત થાય છે. પરમચેતનાને અનુરૂપ, ઔચિત્યભંગ વગરની પ્રત્યેક સુયોગ્ય માંગનો તેની દ્વારા પ્રત્યુત્તર મળે છે. માંગની પરિપૂર્તિએ, તે પરમચેતનાની, પરોક્ષ છતાં, મનાતીત પ્રદેશમાં પ્રત્યક્ષ થતી, સત્તાનું ફળ છે.

મનુષ્ય કાંઇ લઇને જન્મ્યો નથી અને તેને ચારિત્ર્ય તથા સૂક્ષ્મ દેહ સિવાયનું સર્વસ્વ અહીં મૂકીને જવાનું છે. સ્વામીત્વની ભાવના વગર મનુષ્યે પરમચેતના પાસે પોતાની સત્ય-વિવેકપૂર્ણ માંગ મૂકવાની છે. માલિકીની ભાવના વગરની આવી માંગ અવશ્ય ફળે છે.

**સર્વમંગળભાવના યુક્ત તીવ્રતમ માંગઃ**–અન્ય લોકો પોતાનામાં ઈચ્છે તે વસ્તુ નહિ, પોતાની પાસે હોવી જોઇએ એવા સ્વાર્થી ખ્યાલવાળી વસ્તુ નહિ પરંતુ મનુષ્ય



પોતે જ જેને ચોક્કસપણે શુભ નિષ્ઠાથી સર્વજન હિતાર્થે પ્રાપ્ત કરવાની મંગળ ભાવના રાખતો હોય તેવી સર્વમંગળ-કારી વસ્તુ તેણે માગવી જોઇએ.

મનુષ્યને જે વસ્તુ જોઇતી હોય તેની તેણે પરમચેતના પાસેથી સ્પષ્ટ અને નક્કર સ્વરૂપે માંગ કરવાની હોય છે. વિનંતી કે અરજ નહિ પરંતુ નક્કર સંગીન માગણી વધારે અને સારું ફળ આપે છે. માંગની ચીજનું માનસિક ચિત્ર મનુષ્યે પોતાના આંતરજગતમાં દોરતા રહેવાનું હોય છે અને તે પ્રાપ્ત ના થાય ત્યાંસુધી તેણે માંગ સતત ચાલુ રાખવાની રહે છે. કુદરત માગ્યા વગર કશું જ આપતી નથી. પ્રયત્ન કરીને લેનારને તે સર્વસ્વ આપી દેવા તૈયાર છે.

ધ્યાનમાં ડૂબીને, પોતે જેની ભાવના રાખતો હોય તે વસ્તુ તેને નહિ મળવાનું કોઈ કારણ નથી એવી આગ્રહ-પૂર્વકની રજૂઆત, સાધકે પરમચેતના પાસે કરવાની હોય છે. વસ્તુ માટેની તીવ્રતમ ભાવના તેની પ્રાપ્તિ માટેની અને તીવ્રતમ પ્રબળ માંગ પરમચેતના અવશ્ય સાંભળે છે.

**માંગપૂર્તિનો અફર નિયમઃ**–માંગ કરતી વખતે સાધકે શાન્ત અને ધીરજવાન પરન્તુ મક્કમ રહેવાનું હોય છે. માંગ કયી રીતે અને કયારે ફળશે તેનો અંદાજ કે અડસટ્ટો લગાવવાનું સાધકે છોડી દેવું પડે છે. માંગની પરિપૂર્તિ માટે શાન્ત આશાવાદ મદદરૂપ થાય છે. આશાવાદ અથવા સઘળે સર્વ પ્રકારે શુભ જ વ્યાપી રહ્યું છે–આ સઘળું સર્વત્ર બ્રહ્મ-સ્વરૂપ છે–એ સમ્યગ્‌ જ્ઞાનદૃષ્ટિ છે.

વારંવારની તીવ્રતમ માંગ, તે માંગનો નિરંતર સાતત્યપૂર્વકનો આગ્રહ અને માંગતૃપ્તિ માટેની ધૈર્યપૂર્ણ પ્રતીક્ષા ફળ્યા વગર રહેતી નથી. પરમચેતના પાસે **'માંગનો નિયમ'** અફર રીતે ફળે છે, તેવી અતૂટ શ્રદ્ધા સાધકના હૃદયમાં હોવી જોઇએ.

તીવ્રતમ પ્રબળ માંગના આંગણાંમાં ત્રિભુવનના ખૂણામાં પડેલી દુર્લભ વસ્તુઓ પણ આકર્ષાઈને આવી પડે છે.


સહનશક્તિ અને ધૈર્યદ્વારા તમારી દુન્યવી કામનાઓનો નાશ કરો. તમારી સંકલ્પશક્તિને વિકસાવો. આથી શાંતિ મળશે.

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

શાંતિભાઈ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ૩૩૬૬૦




## મારે ના કંઇ કહેવાનું

ભૈરવી

મારે ના કંઇ કહેવાનું હરિ !
મારે ના કંઇ કહેવાનું.
અંતર્યામી ! સમજો છો સહુ
શું બોલી સમજાવવાનું ? હરિ ! મારે.

તારી લો કે તાવી લો,
પડે શિરે સહુ સહેવાનું;
સહુની પાછળ છો આપ જ એ
ભાન નથી વિસરાવાનું. હરિ ! મારે.

સાવ અધૂરો છું, સમજુ છું,
એથી માત્ર લજાવાનું.
કોનો છું, કેવો છું એ તો
છે આપે સહુ જોવાનું.
હરિ, મારે ના કંઇ કહેવાનું.

મુકુન્દ પારાશર્ય

——*——

## આંટી ના ઉકલાય

[સોહિણી-ત્રિતાલ]

પ્રભુ મારી આંટી ના ઉકલાય–
ઉકેલવાને મથી મરૂં ત્યમ વધુ વધુ ગૂંચવાય.
જાળ અટપટી અહંકારની ક્યાંથી ન કેમ કળાય,
તાણા વાણા આડા ઉભા, અવળા તાર તણાય.
પંચભૂતનાં જડ પૂદ્દગળમાં જાદુ અજબ જણાય,
કેમ પૂરાઈ આ કાયામાં કારણ ના સમજાય.
અદ્દભૂત ઇન્દ્રિય આકર્ષણમાં ચિતડું ચંચળ થાય,
બુદ્ધિ બ્હાવરી ઉર અંધારે જીવ મારો મુંઝાય.
જોર કરૂં ત્યમ જઉં જકડાતી પ્રાણ પંખી પીંખાય,
હારી થાકી શરણે આવી છોડે તો છૂટાય.
આતમરાજા અંતર માંહે દૃષ્ટા રૂપે જણાય,
જીવ બિચારો ઝોલાં ખાતો ક્યારે જાગી જાય.

કમલાબેન ઠક્કર



## મૂક અજંપો

અન્તરના અન્તરમાં આજે
મૂક અજંપો પીડે,
મુક્ત ગગનનું આહત પંખી
પૂરાયું શું નીડે! મૂક અજંપો.

ધ્રુવતારક, સુકાન, હલેસાં
વણ મંઝિલ શી યાત્રા !
ગન્તવ્યે ના ગમ, પ્રાપ્તવ્યે
પુરુષાર્થ રજ માત્રા !
વિસંવાદી શા બસૂરા સૂરો
સૂરાવલિને ભીડે. મૂક અજંપો.

મુકત ગગનનું આહત પંખી
પૂરાયું શું નીડે !
નયન ઠરે ના ગગન ગલીએ
પાય ન ઠરતા ધરતી !
ધરા–ગગનને પાંખ ન આંબે !
ઓટ ધસે જ્યાં ભરતી !
આંખ પાંખ સંવાદ-વિહોણું
ખગ અટવાતું ચીડે. મૂક અજંપો

મુકત ગગનનું આહત પંખી
પૂરાયું શું નીડે !
માનસસરના રાજહંસ ! શી બદ્ધદશા !
મુકતાત્મા !

મધલાળે કર્દમ કળણે ગરકાવ
વિપથ તવ યાત્રા !
ખંખેરી રજ પાર્થિવતાની
લીલા અસલી નીરૂ
કોણ અજંપો પીરૂ !
અંતરના અંતરમાં આજે
કો ન અજંપો પીરૂ.

રણજિત પટેલ (અનામી)


## વિજય ચંપલ માર્ટ

પ્રો. વિજયકુમાર જી. ચાવડા
વડવા પાદર દેવકી રોડ, ભાવનગર-૩૬૪૦૦૧
આધુનિક તથા અવનવી ડીઝાઇનમાં
હાથ બનાવટના છુટક ચંપલ વેચનાર

## વિજય ફુટવેર

પ્રો. ગીરધરભાઈ શામજીભાઈ
વડવા પાદર દેવકી, ભાવનગર. ૧




# દુઃખ, દરિદ્રતા ને હતાશામાંથી મુક્ત બનવા આધ્યાત્મિક બનીએ

બિપિનચંદ્ર શિવપ્રસાદ ઠાકર.

આ માટે આપણે શાંતિથી થોડો સમય વિચારવું પડશે! થોડી ક્ષણો મનની આઘાત-પ્રત્યાઘાતોવાળી અશાંતિની પકડને ઢીલી કરવી પડશે. શાંતિ કેવી અને શાની? આપણા મન અને ચિત્તને થોડી પળો પોતાનાં સ્વાર્થ, અહંકાર અને ઇર્ષ્યાની વિચારશરણિ છોડવી પડશે. હૃદયનાં મંથનો-માંથી મુક્ત થવું પડશે. એક પ્રકારની શૂન્ય શાંતિની ઝંખના ઉભી કરવી પડશે, અને અંતરના અવાજને સાંભળવા માટેની તૈયારીમાં ગરકાવ થઇ જવાની તત્પરતા કેળવવી પડશે. આ બધું વ્યવસ્થિત રીતે અનુભવતા એકસો દિવસનો સમજ પૂર્વક કાર્યક્રમ નક્કી કરવો જરૂરી છે. પછી શું!

આ રીતે સ્વસ્થ થયેલા મનને આપણી આજુબાજુની દુન્યવી પરિસ્થિતિ નિહાળવા તૈયાર કરવાનું. આમ શાંત અને સ્થિર થયેલા મનની મદદથી આપણી આંખો જ્યાં નજર ફેરવશે, તે સઘળું કુદરતનાં નિયમો વિરૂદ્ધ-અકુદરતી ને સ્વાર્થ સાધવાના પ્રયાસોથી ભરપૂર આપણી પ્રગતિ હશે એનું ભાન થવા માંડશે. વિવેકરહિત અને ભ્રષ્ટ બનતા જતા દુનિયાનાં વ્યવહારો અને બનાવો ફકત વખત સાથે હરીફાઇમાં ઉતરેલા લાગશે. જ્યાં ત્યાં કુદરત ને પ્રકૃતિનાં સ્થાપિત મૂલ્યો-નો નાશ થતો જોશો. એક પ્રકારની માનવની અહંતા ને સ્વાર્થ ખુલ્લો બળવો કરતાં હોય એમ જણાશે. આજના માનવી-ને તાત્કાલિક પરિણામ લાવવામાં ઘણો રસ છે, પરિણામની

પૂર્ણતા તરફ બેદરકાર બને છે. આખરે મનુષ્ય જન્મ પૂર્ણતા તરફનાં પ્રયાણનો સમય છે, નહિ કે સ્વાર્થ વૃત્તિને અનુકૂળ બનવા માટેનો! કોઈ પણ નિર્માણ કાર્યમાં ઉતાવળે કરેલા પ્રયત્નો રુચિકર મધુકર ફળો આપતા નથી. માનવી જેમ જેમ પોતાના જીવનને ભૌતિક વિદ્યાનાં આધારથી સુધારવા માંગે છે. જીવન ઊંચું લાવવા માંગે છે, તેમ તેમ પોતાના મનની સ્વસ્થતા, શાંતિ, ઉલ્લાસ ને પ્રફુલતા ગુમાવતો જાય છે. એનાં રચેલા કરોળિયાનાં જાળામાંથી છૂટી શકતો નથી. પૂર્ણતા અને પ્રસન્નતા પ્રાપ્ત કરવા દરેક પ્રયત્ન સારો એવો લાંબો સમય માંગે છે. દરેક કાર્ય–પ્રયત્ન–પુરૂષાર્થમાં મનની પ્રસન્નતા અને શાંતિ ખૂબ આવશ્યક છે, તે ભૂલવું ન જોઇએ. મન અને બુદ્ધિને ઉચ્ચ સ્તરે ખીલવા માટે સમય આપવો પડે છે. પરિપકવ વિવેકબુદ્ધિ લાંબા કાળનો નિયમિત અભ્યાસ માંગે છે. ઓછા–અપૂરતા સમયમાં કરેલાં કાર્યો નિષ્ફળ જાય છે અને સંતોષ તથા આનંદ આપી શકતાં નથી, શાંત મન-માંથી ઉપજેલી પ્રેરણા જ આયોજન અને પ્રયોજનને સાથે રાખી પ્રાપ્તિ તરફ આપણને દોરી જાય છે. બુદ્ધિ હંમેશા ગતિ તરફ દોડે છે, જ્યારે અંતઃકરણ પૂર્ણતા પામવા તરફ દોડે છે.

આજે વિશ્વનાં મોટાભાગના પ્રગતિશીલ વિકસેલા દેશોમાં ભૌતિક જ્ઞાનથી સધાયેલી સફળતામાંજ માનવનું બધું સુખ સમાયેલું છે એમ માની જાતજાતનાં ફાંફા મારે છે, છતાં જીવનમાં ખૂટતી શાંતિ, પ્રેમ અને પ્રસન્નતા મેળવી શકયા નથી.

આજે જરૂર છે ચિત્તની આત્મામાં સ્થિરતાની. આત્મા સાથેના અનુસંધાનથી કરેલા કાર્યો આત્મિક સુખ, સંતોષ ને શાંતિ આપે છે; આ સુખ ને શાંતિ એવી છે કે જેમાંથી નવી ચેતન શકિત અને દિવ્ય આનંદ અનુભવાય છે.



માનવીનાં આત્મસંયોગ વગરનાં કરેલા કાર્યોમાં જોઈતો પ્રકાશ, શકિત ને દૈવી સહાય પ્રાપ્ત થતાં નથી. એટલે જ અહંકારના જોરે કરેલા પુરુષાર્થથી માનવીનું મન થકાવટ અને માનસિક તણાવ અનુભવે છે.

આધ્યાત્મિક જીવન ઘડવા માટે માનવીએ પ્રથમ પોતાનાં અસ્તિત્વની ખોજ કરવી આવશ્યક છે. મનુષ્ય જીવન શું છે, કયાંથી આવ્યું છે ને કયાં જવાનું છે તેની આત્મખોજ કરનારો જીવ આગળ જતાં પરમ પુરુષ પરમાત્મામાં પોતાના અહંકારને સમર્પણ ભાવથી ઓગાળી દે છે અને એક નવા જ આધ્યાત્મિક જન્મનાં સ્વરૂપમાં પોતે કાર્ય કરતો થઇ જાય છે. પોતાનો પુરુષાર્થ ભગવત્ કાર્ય સમજી કર્યા જ કરે છે.

આધ્યાત્મિક જ્ઞાન બહારથી મેળવવાનો વિષય નથી. લાંબા સમયની તીવ્ર સાધના ને ધ્યાન–મનનના ફળ સ્વરૂપ પવિત્ર, ગૂઢ અને અંતઃકરણમાંથી સ્ફુરેલું પરમ જ્ઞાન (परा विद्या) ભગ-વત્કૃપાથી સાધકમાં અનેક પરિવર્તનો લાવે છે. આ જ્ઞાનથી દિવ્ય ચક્ષુ ઉઘડે છે અને તેમાંથી અભેદ, અદ્વૈત, અભય દૃષ્ટિથી પરમાર્થ કાર્યો કરવા પ્રેરાય છે. સાધક આ જ્ઞાનથી તૃપ્ત બની હરહંમેશ પરમાત્માનો દિવ્ય પ્રકાશ ને અનંત શકિત મેળવતો જાય છે. એની પ્રવૃત્તિમાં કંઇ ભેગું કરવાનો મોહ કે કંઇ ગુમાવવાનું રહેતું નથી. હર હંમેશ શોકરહિત, શાંત ચિત્તે પોતાનું બાકીનું જીવન જીવવામાં આનંદ ને સંતોષ અનુભવે છે. અહીં જ જીવ અને શિવ એક બની કાર્ય કરે છે. સત્, ચિત્ ને આનંદમાં મગ્ન રહે રહે છે અને સામાન્ય માનવીને માર્ગદર્શન આપે છે. એવા આધ્યાત્મિક સાધકો પછી પુરુષ અને પ્રકૃતિ જોડે અખંડ સમન્વય સાધે છે. આ એક એવું જીવન છે જ્યાં કોઈ પણ

ભૌતિક અશાંતિ, દુઃખ ને અસંતોષ સતાવતા નથી. જગતમાં શું સ્થાયી છે અને શું ચલાયમાન છે તેનો વિવેક હંમેશાં નજર સમક્ષ રહેતો હોય છે. સાધકમાંથી હંમેશને માટે ભેદભાવ, ભય, અશાંતિ, દુઃખ અને મમતા દૂર થઈ જાય છે, અને એક અલૌકિક સૃષ્ટિનાં દર્શનના આનંદથી કૃતકૃત્ય થઈ જાય છે.

ચાલો, તો ઉઠો અને તૈયાર બનો. સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માની કૃપા મેળવવા આપણે આધ્યાત્મિક માર્ગનું શરણ સ્વીકારીએ. પ્રભુની પરમ કૃપા પ્રાપ્ત થતા દુનિયાના માનવ સર્જિત બધા અજંપા, દુઃખ, દારિદ્રતા ને હતાશામાંથી કાયમને માટે છૂટકારો મેળવીએ! ભગવત્કૃપા ઉપર સંપૂર્ણ નિર્ભર થઇ જઇએ, અને નવા સુવર્ણયુગને જોતા થઇએ.

-હરિ ૐ તત્ સત્-

—✻—

પુણ્ય કાર્યોથી સુખ અને પાપમય કાર્યોથી દુઃખ પ્રાપ્ત થાય છે. આ તો કર્મનો અતૂટ સિદ્ધાંત છે. કાર્યોનું ફળ મળે જ છે. કર્મ કર્યા વગર તો કાંઈ જ મળતું નથી. ધર્મકાર્યથી ઈશ્વરપ્રાપ્તિ શક્ય બને છે. ધર્મકાર્યથી બધું જ પ્રાપ્ત થાય છે.

મન, વચન અને કર્મથી કોઇ પણ પ્રાણીની હિંસા ન કરો. દયાળુ અને દાનશીલ બનો. વિચારોમાં પણ ઉદાર બનો. નિરંતર સત્ય પરાયણ બની રહો. ક્રોધ, ઘૃણા અને દ્વેષથી મુક્ત બનો.



# પ્રકાશના પંથે

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

(મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા)

[કાળી આકૃતિનો અનુભવ]

દક્ષિણેશ્વર એટલે રામકૃષ્ણ પરમહંસની સાધનાભૂમિ. મારા પૂર્વજન્મના જ્ઞાનાનુભવ પછી મારો તેઓશ્રી માટેનો પ્રેમ પ્રબળ બનેલો. એ પરમ પ્રતાપી મહાપુરુષે જ્યાં તપશ્ચર્યા અને જીવનલીલા કરી, સિદ્ધિઓ મેળવી, તે પુણ્ય સ્થળને પેખવાની મારી ઇચ્છા હતી.

અવતારી પુરુષો કાલાતીત ને બંધનરહિત છે. મારો એ વિશ્વાસ આજ સુધીના અનુભવો પર આધારિત છે. તેઓ શ્રદ્ધાભક્તિ-સંપન્ન શરણાગત ભક્તને માટે આજે પણ પ્રકટી શકે છે. એથી રામકૃષ્ણદેવ મારી સમક્ષ પ્રકટ થઈ મને સહાયતા કરે એને માટે મેં પ્રયત્નો કર્યા. એ દરમિયાન મને ધ્યાનાવસ્થામાં આજ્ઞા મળી કે "દક્ષિણેશ્વર જવાની ઇચ્છા હોય તો જાવ, ત્યાં બધીજ વ્યવસ્થા કરી રાખી છે." એથી મને આનંદ થયો.

નવરાત્રિના દિવસો તદ્દન નજીક હતા. એટલે મેં એક દિવસ પ્રસ્થાનનો નક્કી કર્યો. તે રાતે મને હિમાલય છોડી દક્ષિણેશ્વર જતાં ફાવશે કે કેમ, તેમજ ત્યાંનું વાતાવરણ અનુકૂળ આવશે કે કેમ, વગેરે વિચારો આવવા લાગ્યા.

એ પ્રમાણે વિચારો ચાલતા. તે વખતે રાત્રિના બે વાગ્યા હતાં. આશ્રમની ઓરડીમાં ને ઓરડીની બહાર બધે અંધારૂં હતું. મારી પાસેની બારી ને બારણું અંદરથી બંધ હતાં.

માત્ર ડાબા હાથ પરની એક બારી ઉઘાડી હતી.

અચાનક મારી નજર ત્યાં બારી પાસે પડી ને મને એકા-એક આશ્ચર્ય થયું. એક કાળા રંગની માનવ આકૃતિ ઓર-ડાની અંદર બારી પાસે ઊભી રહેલી. આ આકૃતિ ક્યાંથી આવી ને કોણ હશે ? બારણા તો બંધ છે. મને વિસ્મય ને આનંદ બન્ને થયાં. બીક લાગી નહિ કારણ કે અગાઉ મને ચિત્રવિચિત્ર અનેક પ્રકારના અનુભવો થયેલા. તેમાંના થોડા વર્ણવ્યા છે તે એટલા માટે કે માણસને આ માર્ગમાં થતા વિવિધ કલ્પનાતીત અનુભવોનો ખ્યાલ આવી શકે.

તે આકૃતિ મારી તરફ આગળ વધી તેનું શરીર કાજળ જેવું કાળું પણ બિહામણું નહિ. તેમનું મુખ બરાબર દેખાતું નહોતું. મારી પાસે આવીને તેણે બે હાથ લંબાવીને મને બાથમાં લીધો ને કહ્યું, “તમે બહુ રહ્યા, હવે આજે જવાના છો, ખરું ? પાછા ક્યારે આવશો ? જલદી જલદી આવતા રહેજો. તમને અહીં ગમ્યું તો ખરું ને ? તમારા વિના મને ગમશે નહિ.”

હું તો સાંભળી જ રહ્યો. શબ્દો ખૂબ સ્પષ્ટ ને મધુર હતા. એના શ્રવણથી અપૂર્વ શાન્તિ મળતી. પણ તેના મુખમાંથી વધુ શબ્દો નીકળ્યા નહિ. આટલું બોલીને તેણે મને બાથ-માંથી છોડી દીધો ને બે મિનિટ બાદ તે ઓરડીમાંથી અદૃશ્ય થઈ ગઈ !

મને થયું એક સમીપના સ્વજનની જેમ બોલનારી આ વ્યક્તિ કોણ હશે ? તે કોઈ સિદ્ધપુરુષ, શ્રી રામકૃષ્ણદેવ પોતે, તીર્થદેવતા કે ઈશ્વર હશે ? મારે માટે એ પ્રશ્ન કોયડો જ રહ્યો તેને ઉકેલવાનો ઝાઝો પ્રયાસ ના કર્યો. આમ છતાં,



આજે હું કહી શકું છું કે તે કાળી આકૃતિમાં આવીને મા જગદંબાએ જ મારા પર પ્રેમ વરસાવ્યો હતો.

માના એવા પ્રેમાર્દ્ર શબ્દો નિત્ય નિરંતર સાંભળવા મળે અને માનું મધુભર્યું મુખ દિનરાત આંખ જોયાં કરે એજ જીવનનું સાફલ્ય હોઇ શકે.

ગંગાજીનો ગંભીર ને મોટો અવાજ દૂરથી સંભળાતો હતો. પાસેની શાંતા નદી પણ વરસાદને લીધે ભરપૂર થઇ ગઇ હતી. અંદર ને બહાર બધે હજી અંધારું જ હતું. ત્યાં મારી નજર ઓરડીના તાકા ઉપર પડી. અંધારામાં ત્યાં દીવો બળતો દીઠો. પાસે જ તેના પ્રકાશમાં રમણ મહર્ષિની મૂર્તિ સ્મિત કરી રહેલી. મહર્ષિને મેં જોયા હતા, એટલે હું તેમને સ્પષ્ટ ઓળખી શક્યો. બે ચાર મિનિટ દર્શનાનંદ આપી તેઓ દીપક સાથે અદૃશ્ય થઇ ગયા.

મહર્ષિ જેવા સિદ્ધ પુરુષો ગમે ત્યારે ગમે ત્યાં જઈ શકે છે. આજે પણ આવા મહાપુરુષો છે. તેમને દેશકાળનાં બંધન નથી. પણ માનવ સંસારની વાસના પાછળ એટલો પાગલ છે ને બુદ્ધિનો એટલો હ્રાસ છે કે ઉપર ઉઠી શકતો નથી. એટલે આવા અનુભવો કરોડોમાં કોકનેજ થાય છે.


પ્રકાશ થતાં સ્નાનાદિથી પરવારીને મેં શાન્તાશ્રમને પ્રણામ કર્યા. તેની રજ માથે ચડાવી મોટરમાં દેવપ્રયાગથી પ્રસ્થાન કર્યું. તે દિવસ ૩૦ સપ્ટે. ૧૯૪૫ ને સોમવારનો હતો.

(ક્રમશઃ)

*——*

# જાલંધર બંધ

મણિલાલ શાહ




યોગ સાહિત્યમાં કેટલાક અગત્યના બંધો છે જેવા કે ઉડ્ડિયાન બંધ, મૂળબંધ, જીહ્વાબંધ, મહાબંધ, જાલંધર-બંધ વગેરે. એમાંય અનુક્રમે ત્રણ બંધો જાલંધર, ઉડ્ડિયાન અને મૂળબંધ ઘણા અગત્યના ગણાય છે અને તેની અગત્ય અને મહત્તા પરંપરાથી અનુમોદિત છે. ભકત-કવિ-યોગી જ્ઞાનેશ્વર મહારાજે પણ પોતાના ગીતાભાષ્યમાં આ ત્રણે બંધોનો ઉલ્લેખ કરેલો છે. જો કે પ્રત્યેક બંધનો વિશિષ્ટ હેતુ હોય છે તેથી તેમની અગત્ય પણ કંઈ ઓછી ન ગણાય. જાલંધર-બંધ પ્રાણાયામની સાથે સંકળાયેલો છે ને પ્રાણાયામનાં કુંભકમાં તે અનિવાર્ય ગણાય છે તેથી સકુંભક પ્રાણાયામ કરનારે જાલંબર બંધ શિખી લેવો જોઇએ.



જાલંધર બંધ આસનો અને પ્રાણાયામ સાથે કરવામાં આવે છે. જો કે તે સ્વતંત્ર રીતે પણ થઇ શકે છે પરંતુ સકુંભક પ્રાણાયામમાં તે અનિવાર્ય છે. પૂરક પછી જ્યારે શ્વાસ રોકવા માટે આંગળાથી નસકોરા દબાવીને આભ્યંતર કુંભક કરવામાં આવે છે ત્યારે જાલંધર બંધની પૂર પડે છે. કેટલાક નાકના નસ્કોરાં આંગળાથી દબાવીને કુંભક કરવાનું પૂરતું માને છે પરંતુ કેવળ નસ્કોરાં દબાવીને કરેલ કુંભકમાં ફેફસામાં દબાવી રાખેલી હવા જોઉછળીને ઉભરાઇ જાય તો ધસીને કાનની શ્રવણની નસોમાં (Auditorytula ઘુસી જાય અને કાનમાં બેરાશ કે બીજી મુશ્કેલી ઉભી થવા સંભવ છે અને એવી રીતે નુકશાન થયાના દાખલા છે. તેથી સ્વામી કુવલયાનંદ કુંભકમાં જાલંધરબંધને અનિવાર્ય ગણે છે. યોગ સાહિત્યમાં પણ કહેવામાં આવ્યુ છે કે जालं धरे धरेत् प्राणम् શ્વાસને જાલં-ધર બંધથી રોકી રાખવો અથવા બાંધી દેવો.

બંધનો અર્થ બાંધી દેવું અથવા રોકી રાખવું. બંધથી શરીરની જુદી જુદી પેશીઓના (musle) આકુંચન પ્રસા-રણથી રક્તવાહિનીઓ નાડીઓ અને ગ્રંથીઓ (galnds) ઉપર અસર પહોંચાડવાની હોય છે. જાલંધર બંધમાં ગર્દનની કરોડના અંકોડા અને એમાં આવેલ જ્ઞાનતંતુઓનું ઉર્ધ્વ ખેંચાણ થતું હોઈ આ બંધને જાલંધર બંધ કહેવાય છે. જાલં એટલે જ્ઞાનતંતુની જાળ અને ધર એટલે પકડી રાખવું કે ખેંચવું. એવી રીતે જાલંધર શબ્દનો સમાસ બનેલ છે.

જાલંધર બંધની રીતઃ-

હઠયોગ પ્રદીપિકામાં ટુંકમાં આવું વર્ણન આપેલું છે કંઠમ્ આકુંચ્ય હૃદયે સ્થાપયેત્ ચિબુકં દઢમ-કંઠ એટલે કંઠમણિ

કે હડિયો જોરથી દબાવીને દાઢીને હૃદયપર એટલે છાતી પર રાખવી.

(૧) પહેલાં પદ્માસન કે સિદ્ધાસનમાં બેસો.

(૨) માથુ આગળ નમાવી જેમ બને તેમ છાતીના ઉપરના ભાગમાં દાઢી લગાડો જુઓ ચિત્ર-૧. જાલંધરબંધ દાઢી લગાડતા પહેલાં ગર્દનના અંકોડા ઉંચા થાય તે માટે માથું ઉંચું કરો, દાઢીને અંદર ખેંચો અને સાથે સાથે મસ્તક નમાવી જોરથી એટલે કે ગળાના સ્નાયુઓ સખત કરી દાઢીને છાતીમાં ઘાલી દો. એવી રીતે દાઢી લગાડી દીધા પછી ગર્દન પાછળ કરોડનો જે અંકોડો હાથ લગાડતા ઉપસેલો દેખાય છે ત્યાંથી ઉપરના ભાગમાં ખેંચાણ થવું જોઇએ.

(૩) પરંતુ મસ્તક નમાવતી વખતે ગર્દનના અંકોડા કે ગ્રીવાની કરોડજ વાળવાની છે. તે સિવાય કરોડ સીધી રહેવી જોઇએ. જુઓ ચિત્ર-૨.

ફાયદા (૧) આભ્યંતર કુભંકમાં શ્વાસને ઉપર જવા દેવાતો નથી અને તેથી કોઇ પણ પ્રકારનું નુકશાન થતું નથી.

(૨) ગર્દનના અંકોડામાં આવેલા જ્ઞાન તંતુઓ સબળ બને છે ને તેથી મગજને પણ લાભ પહોંચાડે છે.

(૩) ગળામાં બંને બાજુ આવેલી જ્ઞાનતંતુની નાડીઓ (Cartoid nerves) અથવા યોગની પરિભાષામાં વિજ્ઞાન નાડી કહેવાય છે તે દબાતી હોવાથી એક પ્રકારની મૂર્છા અથવા ચેતનાનો લોપ થાય છે અને બ્રહ્માનુભવ થાય છે એવો યોગનો દાવો છે.



અહીંતો કેવળ કુંભકમાં જાલંધરબંધની અગત્ય સમજાવવા પૂરતીજ સમજણ આપેલી છે અને એટલુંજ પુરતુ માન્યુ છે. જાલંધરબંધદ્વારા ચેતના લોપ કે મૂર્છા માટે કોઇ યોગસિદ્ધ પાસેથી જાણવું જોઇએ.

જાલંધરબંધથી કંઠનળીમાં આવેલ સ્વરદ્વાર (Glottis) અને તેની ઉપર આવેલ સ્વરતંતુની પેટીઓ Vocal cords બંધ થઇ જાય છે. તેમ છતાં ફેફસામાંની હવાના દબાણને લીધે જો તે ઉઘડી જાય તોપણ જાલંધર બંધના ગર્દનના વળાંક અને સખત કરેલા સ્નાયુઓથી હવાને કાનમાં પેસી જતી અટકાવે છે. ટૂંકમાં આભ્યંતર કુંભકમાં વિશેષ તકેદારી તરીકે જાલંધરબંધ અનિવાર્ય છે.

પ્રકૃતિની બધી જ વસ્તુઓ એક મુખ્ય નિયમને આધીન રહીને વર્તે છે. આ છે કર્મનો નિયમ. આ નિયમથી જ વિશ્વની સમતા અને એકતા જળવાઇ રહી છે. આ નિયમથી કોઇ પણ મુકત રહી શકતું નથી.

# પ્રશ્નોતરી

—યોગેશ્વરજી

પ્રશ્નઃ-ઈશ્વર દર્શન પછી જીવનનો કોઇ વિકાસ રહે છે ખરો ?

ઉત્તરઃ-ઈશ્વર દર્શન પછી જીવન પરમ શાંતિથી સંપન્ન તથા મુકત બની જાય છે. એટલે જીવનની ધન્યતા તથા સફળતાની દૃષ્ટિએ જોઇએ તો કોઇ જાતનો વિકાસ બાકી નથી રહેતો માટે જ ભારતીય સંસ્કૃતિમાં ઇશ્વર દર્શનને જીવનના વિકાસની પરાકાષ્ઠારૂપ માનવામાં આવે છે. વધારે ભાગે સાધકો કે મહાપુરૂષો પોતાના સાધનામય જીવનના લક્ષ્ય તરીકે, ઈશ્વર દર્શનનેજ નજર સામે રાખતા હોય છે, છતાં પણ વિચાર કરતાં લાગે છે કે જીવનનો વિકાસ એથી પણ આગળ હોઈ શકે છે, અને ભારતીય સંસ્કૃતિમાં એનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.

પ્રશ્નઃ-એ વિકાસ કયી જાતનો છે, તે ખ્યાલ આપી શકશો ?

ઉત્તરઃ-જરૂર. ભારતીય સંસ્કૃતિએ કેવળ ઈશ્વર દર્શન કરીને બેસી રહેવામાંજ જીવનનું ધ્યેય પૂરું થાય છે એવું નથી કહ્યું. જીવનમાં ઈશ્વર દર્શન તો કરવાનું છે જ પરંતુ એની સાથે સાથે ઇશ્વરમય પણ થવાનું છે. ઇશ્વરનું દર્શન થવું એ એક વાત છે અને ઇશ્વરમય થવું એ વળી બીજી જ વાત છે.

પ્રશ્નઃ-ઇશ્વરમય થવું એટલે શું ?



ઉત્તરઃ-ઇશ્વરમય થવું એટલે ઇશ્વરનાં લક્ષણો જેવાં કે સર્વજ્ઞપણુ, સર્વસમર્થપણું અને સર્વવ્યાપકપણુ પ્રાપ્ત કરવાં જો સાધકની ઇચ્છા હોય અને ઇશ્વરની પર વિશ્વાસ હોય, તો ઇશ્વરની કૃપાથી એ લક્ષણો એનામાં પ્રકટ થાય છે. એ રીતે એ ઇશ્વરની સાથે એકતા સાધી શકે છે. એવી એકતા માટે જ શાસ્ત્રોનો આદેશ છે ब्रह्मविद् ब्रह्मैव भवति। એટલે કે પરમાત્માનો સાક્ષાત્કાર કરનાર પરમાત્મા તુલ્ય કે પરમાત્મા જ બની જાય છે. એ ઉપનિષદ્‌વચનના અર્થનો વિચાર કરો તો સમજાશે કે જીવન-વિકાસના સાધકોએ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને બેસી રહેવાનું નથી. પરંતુ પરમાત્માપદે પહોંચવાનું છે. એ બનેનો ભેદ તમે સમજ્યા ? ઇશ્વરનું દર્શન કરવું એ આદર્શ ગમે તેટલો ઉત્તમ હોવા છતાં ઇશ્વરમય બની જવાના અંતિમ આદર્શોના એક અંગરૂપ છે.

પ્રશ્નઃ-કોઇ માણસને માટે એટલો બધો વિકાસ શકય છે ખરો ?

ઉત્તરઃ-એ પ્રશ્નનો ઉત્તર ભારતીય ઋષિઓએ આપેલો જ છે, કેટલાય ઋષિઓ વિકાસની એવી ઉત્તમોત્તમ કક્ષાએ પહોંચ્યા હતા. તેમ જો તમે પણ ધારો અને મન મૂકીને દિનરાત પરિશ્રમ કરો તો વિકાસની એ ભુમિકાએ પહોંચી શકો. ફકત તમારૂં સંકલ્પબળ મજબૂત જોઇએ અને બીજા બધાજ વિષયોમાંથી મનને પાછું વાળી લઇને તમારા ધ્યેયને માટે મરી ફીટવાની તમન્ના જોઇએ. ઉચ્ચકોટિના આધ્યાત્મિક વિકાસની પ્રાપ્તિ એના વિના નથી થઇ શકતી. બાકી જો તમે નબળા મનના હશો તથા તમારા વિકાસના વર્તુળને પહેલેથી જ ને હાથે કરીને નાનું કરીને બેસી જશો તો જેટલો શકય છે એટલો વિકાસ નહીં કરી શકો.

પ્રશ્નઃ–એવા ઈશ્વરદર્શી તથા ઇશ્વરતુલ્ય પુરુષો આ દેશમાં હશે ખરા ?

ઉત્તરઃ–છે. એવા પુરુષોનો આત્યંતિક અભાવ આ દેશમાં કોઇ કાળે ન હતો અને આજે પણ નથી. ઇશ્વરની કૃપાથી એમનો સમાગમ થઇ શકે છે, અને સાંભળ્યા છે પણ ખરા. અને જો ધારો તો તમે પણ એમને જોઇ શકો છો. હ્રદયમાં એમને મળવાની લગની લાગશે એટલે એ તમને આપોઆપ અને જ્યાં હશો ત્યાં મળી રહેશે.

પ્રતિદિન શુદ્ધ અને નિઃસ્વાર્થ પ્રેમનો વિકાસ કરો. શુદ્ધ પ્રેમ એક અણમોલ વસ્તુ છે. ધીમે ધીમે તેને વિકસાવો. આથી દ્વેષ અને મનની સંકુચિતતા વગેરે દૂર થશે. પ્રેમ મનને પવિત્ર બનાવે છે.

બધાને સમાન ભાવથી જુઓ. ખોટા ગપ્પાં મારવાનું છોડી દો. વિવેકી બનો. પ્રભુનામમાં અચળ શ્રદ્ધા રાખો. તેનું નિરંતર ગાન કરો. સર્વત્ર તેને જ જુઓ.



# મહર્ષિ શ્રી રમણ દર્શન

મૂળ લેખક શ્રી. યોગેશ્વરજી
સંકલન : કનૈયાલાલ ઝીંઝુવાડીયા

શ્રી વેંકટરામનના પિતા સુંદરમય્યર વકીલાત કરતા. એ જમાનામાં આવશ્યક અભ્યાસક્રમ વગર જ, સુયોગ્યતાવાળા પુરુષોને વકીલાત કરવાની મંજૂરી મળી જતી. વકીલાતમાં સુંદરમય્યરે સારી સફળતા તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી. પ્રજા અને અધિકારીઓ એમનાથી પ્રસન્ન હતા.

વકીલ થયા પછી પણ પોતાના પ્રારંભના ગરીબાઇના દિવસોને એ કદી પણ ના ભૂલ્યા. ગરીબો પ્રત્યે ખાસ સ્નેહ ને સહાનુભૂતિ રાખીને એ એમને સાચું માર્ગદર્શન આપતા અને એમનાં કામોને સેવાભાવે કરી છૂટતા. એમની સજ્જનતાને લીધે ચોરો પણ એમને ત્યાં ચોરી કરવાની ઇચ્છા ના કરતા. એમને ત્યાં સદ્ગ્રંથોનું અધ્યયન થયા કરતું.

એમના કુળમાં એક વાત વરસોથી વહેતી આવે છે. એ વાત ખાસ જાણવા જેવી છે. કહે છે કે એમના કોઇ પૂર્વજને ત્યાં એક વાર એક સંન્યાસી આવ્યા. એમને માગવા છતાં પણ ભિક્ષા ના મળી. ઉપરથી એમનું અપમાન કરવામાં આવ્યું. એથી ક્રોધે ભરાઇને એમણે શાપ આપ્યો કે આ કુળમાં પ્રત્યેક પેઢીમાં કોઇ મારા સમાન સાધુ થયા કરશે.

થયું પણ એવું જ. સુંદરમય્યરના કાકા સંન્યાસી બની ગયા તથા ભાઈ વેંકટશય્યર ઘેરથી નીકળીને ચિદંબરના મંગલમય મંદિરમાં પહોંચ્યા. મંદિરની પરિક્રમા કરનારા યાત્રીઓના પથને એ સાફ કરતા. એ શિવાનંદ યોગી તરીકે

પ્રખ્યાતિ પામ્યા.

સુંદરમય્યરને ક્યાંથી કલ્પના હોય કે પોતાના ત્રણ પુત્રોમાંના એક વેંકટરામન ભવિષ્યમાં ત્યાગની એ પરંપરાને ટકાવી રાખીને મહાન યોગી કે મહર્ષિ બનશે ને માનવજાતિને શાંતિ, મુક્તિ કે પૂર્ણતાનો સંદેશ પ્રદાન કરશે ? સુંદરમય્યરનો સ્વર્ગવાસ ઇ. સ. ૧૮૯૫માં થયો.

શરીર છોડ્યું ત્યારે એમના ત્રણે પુત્રો સૌથી મોટા નાગસ્વામી, બીજા ભવિષ્યના મહાપુરુષ ભગવાન રમણ મહર્ષિ એ વખતના વેંકટરામન ને ત્રીજા સૌથી નાના નાગ સુંદરમ્ હયાત હતા.

વેંકટરામનનું શરૂઆતનું શિક્ષણ તિરુચ્ચુલીમાં જ થયું. અગિયાર વરસની ઉંમર સુધી ત્યાંની નિશાળમાં જ અભ્યાસ કરતા રહ્યા. ત્યાર બાદ પોતાના પિતાના મૃત્યુ પછી એ પોતાના મોટાભાઈ નાગસ્વામીની સાથે એમના કાકા સુબ્બય્યરને ત્યાં મદુરામાં રહીને વિદ્યોપાર્જન કરતા રહ્યા. મદુરાની સ્કાટ મિડલ સ્કૂલને પછી અમેરિકન મિશન હાઇસ્કૂલમાં એમણે અભ્યાસ કર્યો.

સરિતાના શાંત પ્રસન્ન પ્રવાહમાં તરંગ પેદા થાય એવી રીતે એમના જીવનમાં આત્મ વિકાસની ભાવના સૌથી પ્રથમ કેવી રીતે પેદા થઈ ? કેટલાક સાધકોના સંબંધમાં બને છે તેમ એમના જીવનમાં કોઇ વિરોધ, વિપત્તિ કે દુઃખ દર્દનો પ્રસંગ નહોતો બન્યો. એમના જીવનમાં સૌથી પહેલાં જે જાગૃતિ આવી તે આત્મવિચારથી જ આવેલી. એક વાર એમણે સહજ રીતે જ કહેલું કથાનક એમના સ્વમુખે જ સાંભળીએ:



'મારા જીવનનું એ અદ્ભુત સંસ્મરણ આજે પણ એટલું જ તાજું છે. એ વખતે મારી ઉંમર પંદરથી સોળ વરસની હતી. મારું સ્વાસ્થ્ય તદ્દન સારું હતું.

કોઇ જાતનું દર્દ પણ ન હતું. એ દિવસોમાં મને એક વિલક્ષણ અનુભવ થવા લાગ્યો. મને મૃત્યુનો ભય લાગવા માંડ્યો. કોણ જાણે કેમ પણ મને એવું જ લાગ્યું કે મારું જીવન હવે સમાપ્ત થવાનું છે. તેની ઉપર રહસ્યમય પડદો પડવાની તૈયારી છે.

'એ અનુભવ અત્યંત વિલક્ષણ હતો. મારા શરીરે રોમાંચ થયાં. મને થયું કે મારા શરીરત્યાગનો સમય નજદીક આવી ગયો ? મારાથી હવે વધારે નહિ જીવી શકાય ?'

'તે દિવસે હું એ અસાધારણ અનુભવની અસર નીચે મારા ઘરમાં એકલો જ બેસી રહ્યો. મેં ડાકટરને, મિત્રને કે સંબંધીને ના બોલાવ્યા. મને થયું કે મરણ પાસે આવ્યું છે તો હવે મારે શું કરવું ? મારાથી હવે નહિ બચી શકાય.'

'મારા હાથપગને મેં તદ્દન ઢીલા અને શબની જેમ ઢીલા કરી દીધા. પ્રાણવાયુ ધીમે ધીમે મંદ પડવા લાગ્યો.'

'મેં મારા મનને કહ્યું કે આનું નામ મરણ. શરીરનું મરણ થવાથી તે નિષ્ક્રિય ને નિશ્ચેતન બની ગયું છે. હવે તે નકામું બની ગયું. એને હવે સ્મશાને લઈ જવામાં ને બાળી નાખવામાં આવશે. પરંતુ મરણ કોનું થયું ? શરીરનું. મારું નથી થયું. કેમકે હું શરીરના મરણને જોઇ શકું છું. હું નથી મરતો. શરીર શાંત થઈ ગયું છે તોપણ હું મને એવો ને એવો, શરીરથી અલગ, અનુભવી શકું છું. હું

આત્મા છું. શરીર નથી. મૃત્યુ મને નથી, શરીરને છે. શરીર જ નાશવંત છે. આત્મા તો અમર છે.'

'એવી અનુભૂતિ મને એ પ્રસંગ પછી અવારનવાર થયા કરતી. પરિણામે મારા મનમાંથી મૃત્યુનો ભય કાયમને માટે દૂર થયો. હું તદ્દન નિર્ભય બની ગયો. મને કોઇપણ વ્યક્તિ કે વસ્તુમાં રસ ના રહ્યો. અભ્યાસમાંથી પણ મન ઊઠી ગયું. જ્યારે વખત મળતો ત્યારે હું આત્માનુસંધાનના આનંદ માટે ધ્યાનમાં જ બેસવા લાગ્યો.

એ દિવસો એમના તત્કાલીન જીવનના જ નહિ, ભાવિ જીવનના પણ મહત્ત્વના દિવસો હતા. એ દિવસો દરમિયાન ઇ. સ. ૧૮૯૫ના ઓગષ્ટ મહિનામાં એક પ્રસંગ બન્યો. એ પ્રસંગ જાણે કે પરમાત્માની પરમશક્તિએ જ ગોઠવેલો. એમને એક વાર અચાનક તિરુચ્ચુલીનો કોઇક પરિચિત માણસ મળ્યો. એ યાત્રા કરીને પાછો ફરેલો. વેંકટરામને એને પૂછયું કે તમે ક્યાંથી આવ્યા છો ? એણે ઉત્તર આપ્યો કે અરુણાચલથી. વાત છેક જ સાધારણ હોવા છતાં વેંકટ-રામને માટે અત્યંત અસાધારણ થઇ પડી. અરુણાચલનું નામ સાંભળતાજ એમને રોમાંચ થઇ આવ્યાં. એમનું અંગાંગ નાચી ઊઠયું. શરીરમાં ઝંકૃતિ પેદા થઈ. નામ ચિરપરિચિત લાગ્યું.

એમણે પેલા વૃદ્ધ પ્રવાસીને પૂછયું : તમે અરુણાચલની યાત્રા કરીને તો આવ્યા પરંતુ એ અરુણાચલ છે ક્યાં ?

'તને એટલી ખબર નથી ?' વૃદ્ધે સ્મિત કરતા સામું પૂછયું.



'ના. એટલે તો હું એની માહિતી માગું છું.' વેંકટ-રામનની અજ્ઞાનતા દેખીને એ વૃદ્ધ પુરૂષને એના પ્રત્યે ઊંડી સહાનુભૂતિ પેદા થઈ. એણે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું : 'તિરુ-વન્નામાલૈ જ અરુણાચલ છે.'

વેંકટરામનને એ સાંભળીને શાંતિ થઈ. અંતર ભાવવિભોર ને ગદ્‌ગદ્ બની ગયું. એમના સુષુપ્ત પૂર્વ સંસ્કારો સળવળી ઊઠયા. વૃદ્ધના શબ્દો એમને ખૂબ જ પ્રિય ને સુખદ લાગ્યા. એમને થયું કે એ સ્થળ સાથે પોતાનો જન્માંતરનો સંબંધ છે.

એ પ્રસંગે એમના જીવનપ્રવાહને પલટાવવામાં ને પુષ્ટ કરવામાં મહત્ત્વનો ફાળો પ્રદાન કર્યો. એ દિવસથી એમને અવારનવાર અરુણાચલનાં સ્વપ્નાં આવવા લાગ્યાં. અંતર એની પ્રત્યે આકર્ષાવા માંડયું. પોતાનું ચિરકાળથી છૂટું પડેલું કોઇક સ્વજન પોતાને ફરી પાછું બોલાવી રહ્યું હોય એવો અસાધારણ અનુભવ એમને થવા લાગ્યો.

એ દિવસોમાં એમના હાથમાં પેરિય પુરાણમ્ પુસ્તક આવ્યું. પેરિય ભક્તિરસથી ભરેલો સુંદર ધર્મગ્રંથ છે. ચોરાસી વૈષ્ણવોની વાર્તા તથા નાભાજીના સુપ્રસિદ્ધ ગ્રંથ ભક્તમાળાની શ્રેણીના એ સરસ ધર્મગ્રંથમાં ભગવાન શંકરના અનન્ય ને આજન્મ ત્રેસઠ ઉપાસકોની જીવન-કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એને વાંચતાં એ તલ્લીન બની ગયા.

એ જ અરસામાં, એકાદ વરસ પછી, ઇ. સ. ૧૮૯૬ ના ઓગષ્ટમાં એમને આગળ વર્ણવ્યા પ્રમાણે મૃત્યુનો અનુભવ થયો. એની પ્રતિક્રિયા એમની ઉપર ઘણી પ્રબળ પડી. શરીર-થી સ્વતંત્ર આત્મતત્ત્વનું સ્ફૂરણ એમને આપોઆપ અને

અનાયાસે જ થવા લાગ્યું. એમના એકનિષ્ઠ પ્રિય શિષ્ય ગણુપતિ મુનીન્દ્રે એ સંબંધી ઉલ્લેખ કરતાં કહ્યું છે:-

સત્તર વરસની નાની વયમાં યોગીઓને પણ દુર્લભ પરમજ્ઞાનની પ્રાપ્તિ રમણ મહર્ષિને થઇ !

વેંકટરામનના જીવનમાં પરિવર્તનનો જે નવો પ્રવાહ પેદા થયો એણે એમના જીવનને જુદું જ બનાવી દીધું. સગાંસંબંધી તથા મિત્રમંડળમાંથી એમનું મન ઉપરામ થવા લાગ્યું. રમતગમત બંધ થઈ. અભ્યાસ નીરસ લાગવા માંડયો. સ્વભાવમાં પણ ફેરફાર થયો. એમને હવે કોઇની સાથે વાત કરવાનું પણ ના ગમતું. સ્વભાવ સરલ ને શાંત બની ગયો. મિત્રો એમની મશ્કરી કરતા કે એક અથવા બીજી રીતે પજવતા તો પણ એ શાંત જ રહેતા. એમણે અધિકાધિક એકાંત સેવન કરવા માંડયું.

એ દિવસોમાં એમણે પરમાત્માને માટેના પરમપ્રેમથી પ્રેરાઈને નિયમિત રીતે મંદિરમાં જવાનું શરૂ કર્યું. દક્ષિણ ભારતનો પુણ્યપ્રદેશ પોતાનાં ઉત્તુંગ ગગનચુંબી શિખરોવાળાં શિલ્પકળાથી સુશોભિત મંદિરોને માટે જાણીતો છે. એ મંદિરોમાં મીનાક્ષી મંદિર મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ભકતો એ સુંદર, આધ્યાત્મિક વાયુમંડળથી વીંટળાયલા મંગલ મંદિરમાં પ્રવેશીને પ્રેમયુક્ત ને ભાવવિભોર બની જાય છે. દુન્યવી ચિંતાઓમાંથી મુક્તિ મેળવીને એ ત્યાંના પરમપ્રસન્ન વાતાવરણનો લાભ લે છે. કોઈ સંકીર્તન કરે છે, નામ જપે છે, કે ધ્યાનમાર્ગનો આધાર લઇને અંતરમાં અવગાહન કરે છે. કેટલાય પ્રવાસીઓ ત્યાંનાં પવિત્ર પરમાણુથી પ્રભાવિત થઇને નવા વધારે સારા જીવનને



જીવવાનો સંકલ્પ કરે છે ને આદર્શ જીવન વ્યવહારની યોજના ઘડે છે. મંદિરમાં જ્યારે પૂજા અને આરતી થાય છે ત્યારે હજારો હૈયાં હસી, હાલી ને નાચી ઊઠે છે.

વેંકટરામને એ સુંદર મધુમય મંદિરની નિયમિત રીતે મુલાકાત લેવા માંડી. એ અનુપમ સૌન્દર્ય સભર સજીવ મંદિરે એમના અંતરનું ઉંડું આકર્ષણ કર્યું. ત્યાંથી એમને પ્રેરણા મળવા મંડી. એમનો પ્રાણ પ્રજ્ઞાના પાવન પ્રકાશથી પુલકિત થવા લાગ્યો.

મીનાક્ષી મંદિર એમનું પરમ પ્રેરણાસ્થાન થઇ પડયું. ત્યાંના સરસ શાંત વિશાળ મંડપમાં બેસીને એ ભક્તિભાવયુક્ત હૃદયે ઈશ્વરને અંતરના અંતરતમમાંથી પ્રાર્થના કરતાં કહેતા કે પ્રભુ, મારા પર કૃપા કરો ને મને તમારી વિશુદ્ધ ભકિતનું દાન દો. તમારાં શ્રી ચરણોમાં મસ્તક નમાવીને એ જ ભિક્ષાની યાચના કરું છું.

એવી પ્રાર્થના કરતી વખતે એમના હૃદયના સમસ્ત તાર રણકી ઊઠતા. એમનું રોમે રોમ રાગે રંગાઇ જતું. એ પ્રાર્થના મુખમાંથી નહિ પરંતુ પ્રાણમાંથી પ્રકટતી. એ વખતે એમની આંખમાંથી અશ્રુ ટપકતાં, એમને રોમાંચ થતો, ને હૃદય રાગમય બની જતું. એ એક પ્રકારની આરાધના બની ગઇ. એમને એનાથી અનંત આનંદ મળવા માંડયો. એ એમના આત્મ નિવેદનનું એક અસરકારક અમોઘ સાધન થયું.

(ક્રમશઃ)

———*———

## પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો કાર્યક્રમ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો માર્ચ એપ્રિલનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી થયેલ છેઃ-

૭-૩-૮૪ થી ૧૬-૩-૮૪ સુધી મુંબઇ માધવબાગમાં સાંજે રામચરિત માનસ ઉપરનાં પ્રવચનો.

તા. ૧૮-૩-૮૪ થી ૨૫-૩-૮૪ સુધી કાંદીવલ્લી (વેસ્ટ) માં આવેલ શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના ગીતા હોલમાં શ્રીમદ્ ભાગવત્ ઉપરનાં પ્રવચનો. સમય રાત્રે ૯ થી ૧૦

તા. ૨૬ માર્ચથી તા. ૯ એપ્રીલ સુધી સુરત ખાતે પ્રવચનો યોજાયાં છે.

તા. ૧૨-એપ્રિલ થી તા. ૨૬-એપ્રિલ ૮૪ સુધી અમદાવાદ ખાતે સમર્થેશ્વર મહાદેવ, નવરંગપુરામાં સાંજે પ્રવચનો થશે.

સ્થળ, સમય ને વિષય હવે પછી નક્કી થશે.

બધાને સમાન ભાવથી જુઓ. ખોટા ગપ્પાં મારવાનું છોડી દો. વિવેકી બનો. પ્રભુનામમાં અચળ શ્રદ્ધા રાખો. તેનું નિરંતર ગાન કરો. સર્વત્ર તેને જ જુઓ.



# પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

મહાત્મા યોગેશ્વરજીએ સ્થાપેલા સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહની સ્થાપના અંબાજીમાં કરવાનો નિર્ણય થયો છે. વળી ત્યાં સાધકોને એકાંતવાસ માટે સાધનાકુટિરોનું પણ આયોજન થશે.

વિશ્રામગૃહમાં એક ફરનીસ્ડ ઓરડાનો ખર્ચ રૂપીયા પચ્ચીસ હજાર અંદાજવામાં આવ્યો છે. જે ભાઈબેનો તેમાં એક ઓરડા પેટે વ્યક્તિગત કે સંયુક્ત રીતે મદદ મોકલવા માગતા હોય અથવા વિશ્રામગૃહના નિર્માણ કાર્યમાં બીજી નાની મોટી છૂટક મદદ કરવા માગતા હોય તેમણે તે મદદ સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના નામના બેન્ક ડ્રાફ્ટથી કે રોકડ રકમથી કે મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવા વિનતિ છે.

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ.
C/o બાબુભાઈ વોરા
૩૧, ગવર્મેન્ટ સર્વન્ટસ સોસાયટી
નવરંગપુરા
અમદાવાદ-૩૮૦૦૦૯

આ ટ્રસ્ટને આપેલ દાનોની રકમના ૫૦% નિયમ પ્રમાણે ઈન્કમટેક્સમાં કરમુક્ત છે.

વિશ્રામગૃહ માટે પચ્ચીસ હજારની પૂરી રકમ મોકલનારા મહાનુભાવોનાં નામો નીચે પ્રમાણે છેઃ-

૨૫૦૦૦ (૧) શ્રી લાભકુંવરબેન શાંતિલાલ કનેરીયા–રાજકોટ.
,, (૨) ,, જશભાઇ બી. પટેલ. વડોદરા.
૨૫૦૦૦ (૩) ,, સીતાબેન પ્રભુદાસ તન્ના, અમદાવાદ.
,, (૪) ,, ધીરુભાઈ નટવરલાલ દેસાઈ, અમેરીકા.
,, (૫) ,, મધુસૂદન નટવરલાલ દેસાઈ, ,,
,, (૬) ,, હીરાભાઈ મકનજી પટેલ, અમેરીકા.
,, (૭) ,, યોગેશ્વર ધ્યાનકેન્દ્ર, મોરબી.

વિશ્રામગૃહ માટે પચ્ચીસ હજારની પૂરી રકમ હપ્તેથી મોકલનારા ભાઈઓનાં નામો નીચે પ્રમાણે છેઃ–

(૧) ૨૦૦૦૦ રૂા. શ્રી શારદાબેન પુરુષોત્તમ કાકા મહારાષ્ટ્ર બોર્ડીંગવાળા, વડોદરા.

(૨) ૧૨૫૦૦ રૂા. શ્રી છોટુભાઈ નાથુભાઈ એક્ષપ્રેસ એન્જી. વર્કસ સુરત.

(૩) ૫૦૦૦ રૂા. શ્રી ઉત્તમભાઈ નગીનદાસ દૂધવાળા, સુરત.

## વિશ્રામગૃહને મળેલી છૂટક રકમો

(૧) ૨૫૦૧ રૂ. શ્રી કાશીબેન દેવશીભાઈ મીસ્ત્રી જોહાનીસબર્ગ.

(૨) ૧૫૦૧ રૂ. શ્રી યોગેશ્વરજી.

(૩) ૧૦૦૧ રૂ. શ્રી ધીરૂભાઈ તથા મધુભાઈ, અમેરીકા

(૪) ૫૩૦ રૂ. અન્ય ભાઈબેનો તરફથી મળેલી છૂટક રકમનો સરવાળો.

---

**પ્રતિદિન શુદ્ધ અને નિસ્વાર્થ પ્રેમનો વિકાસ કરો. શુદ્ધ પ્રેમ એક અણમોલ વસ્તુ છે. ધીમે ધીમે તેને વિકસાવો. આથી દ્વેષ અને મનની સંકુચિતતા વગેરે દૂર થશે. પ્રેમ મનને પવિત્ર બનાવે છે.**



ગતાંકથી ચાલુ

# રામકથા

**શ્રી યોગેશ્વર**

[શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા]

પાસે બેઠેલા રામ અને લક્ષ્મણ પણ એ સાંભળીને આશ્ચર્યચકિત બની ગયા.

મહર્ષિ વશિષ્ઠે ઉદ્ગાર કાઢયાઃ 'સીતાના રૂપમાં ધરિત્રી પોતે જ પ્રકટ થઈ છે. એવી મારી માન્યતાને તમારી કથાથી સમર્થન મળ્યું. એવી સીતાને પ્રાપ્ત કરવા બદલ તમને ખરેખર ધન્યવાદ ઘટે છે. તમે સર્વોત્તમ યશના અધિકારી છો.

કાળક્રમે સીતા મોટી થવા માંડી તેમ તેમ જુદા જુદા કેટલાય રાજાઓ અને રાજકુમારોએ આવીને એની અસાધારણતાથી આકર્ષાઇને મારી પાસે આવીને એની માંગણી કરી, પરંતુ મેં કોઈનીએ માંગણી ના સ્વીકારી. મારો વિચાર એવો હતો કે સીતા અસાધારણ હોવાથી એના જેવી અસાધારણ યોગ્યતાવાળી વ્યક્તિ જ એને વરે તે બરાબર છે. તો જ એનું જીવન સફળ થાય. એ વિચારથી પ્રેરાઈને જ મેં ભગવાન શંકરના ધનુષ્યને ઉપાડીને પોતાની અસાધારણતાનો જે પરિચય કરાવી આપે એ જ સીતાને પરણી શકે એવો સંકલ્પ કર્યો. એ સંકલ્પને પણ સારો એવો વખત વીતી ગયો ત્યારે સ્વયંવરની યોજનાને પરિણામે મને રામની સર્વશ્રેષ્ઠતાની અથવા અસાધારણતાની ખાતરી થઇ. વિધાતાએ જે કર્યું તે સારું કર્યું. સીતાની પેઠે રામ પણ આ મૃત્યુલોકના સામાન્ય માનવી નથી એ આખરે મારી સમજમાં આવી ગયું.'

જનકના પ્રેમ અને પ્રસન્નતાથી નીતરતા શબ્દો સાંભળીને સૌનાં અંતર આનંદી ઉઠયાં.

થોડા સમય સુધી ખંડમાં શાંતિ પ્રસરી રહી.

એ શાંતિનો ભંગ કરતાં મહર્ષિ વશિષ્ઠ બોલ્યા : 'જેવી અસાધારણ સીતા છે તેવા જ અદ્ભુત અથવા અસાધારણ રામ છે. બંનેના જન્મ ને કર્મ અસામાન્ય છે. બંને એકમેકને માટે સુયોગ્ય છે. એવું સમજીને ઈશ્વરે એમને અત્યંત અદ્ભુત રીતે ભેગાં કરી દીધાં છે. એ અમારે માટે પણ ઓછા આનંદની વાત તો નથી જ. તમારી પેઠે એમાં અમારું પણ એક પ્રકારનું સૌભાગ્ય જ રહેલું છે.'

મારું સૌભાગ્ય તો ઘણું મોટું છે. એની ના નહિ.' જનકે સંકોચ સાથે કહ્યું. આવું સૌભાગ્ય તો સ્વર્ગના અધીશ્વર ઇન્દ્રને પણ નહિ મળતું હોય. આવા અનેરા સૌભાગ્યને માટે વિધાતાનો જેટલો પણ ઉપકાર માનું એટલો ઓછો છે. પરંતુ મારા મનની એક બીજી ઈચ્છા પણ છે. જો તમારી આજ્ઞા હોય તો તેને તમારી આગળ રજૂ કરું.' 'તમારી આંતરિક ઈચ્છાને તમે કોઈયે પ્રકારના સંકોચ વિના ભારે પ્રસન્નતાપૂર્વક રજૂ કરી શકો છો.'

આપણી વચ્ચે જે નવો સ્નેહ સંબંધ બંધાયો છે તેને લીધે હવે કોઈ જાતનો સંકોચ રાખવાની આવશ્યકતા નથી રહી. રાજા દશરથે પણ એવી જ રીતે પોતાની અનુમતી આપી. એટલે જનકે આગળની વાતના અનુસંધાનમાં કહેવા માંડ્યું.

સીતાનું લગ્ન રામ સાથે કરવાનું નિશ્ચિત છે, પરંતુ સીતા ઉપરાંત મારી એક બીજી સુંદર, સંસ્કારી, સર્વગુણ સંપન્ન પુત્રી છે. એનું નામ ઉર્મિલા છે. સીતાની જેમ એના લગ્નને માટે મેં કોઈ જાતની શરત રાખી નથી કે કોઈ પ્રકારની સ્વયંવર યોજના પણ કરી નથી. એને માટે પણ ઉત્તમ પતિ મેળવવાની મારી ઈચ્છા છે. એ ઈચ્છાથી પ્રેરાઈને હું આજે બસ તમારી સંમતિ મેળવવા માટેજ આવી પહોંચ્યો છું. અને મને આશા છે કે તમે મારા



પ્રસ્તાવ સાથે સંમત થઈ જશો. મારી એ પુત્રી ઉર્મિલાને માટે હું લક્ષ્મણની માંગણી કરી રહ્યો છું. મેં જ્યારથી લક્ષ્મણની ઝાંખી કરી છે ત્યારથી મારી આંખ એનાપર ઠરી રહી છે. રામની પેઠે એ પણ મને પ્રિય, પવિત્ર અને પરાક્રમી લાગે છે. માટે મારા આ પ્રસ્તાવને સ્વીકારી લો.

શતાનંદે કહ્યું:-"મહારાજાની વાત બધી રીતે ઉચિત હોઇ સ્વીકારવા યોગ્ય છે. માટે તેના સ્વીકારમાં હવે વધારે વિલંબ ના કરશો. ઉર્મિલા સીતાના જેવી સુંદર ને સંસ્કારવતી છે. એની અસાધારણ યોગ્યતાથી આકર્ષાઈને એને વરવા માટે અનેક રાજપુત્રો તલપાપડ થઈ રહ્યા છે. પરંતુ મહારાજા સૌને ના પાડે છે. વિધાતાએ સીતાને જેમ રામને માટે રાખી મૂકેલી છે તેમ તેને પણ લક્ષ્મણને માટે જ આજસુધી રાખી મૂકી લાગે છે રામ, દશરથ, મહર્ષિ વિશ્વામિત્ર અને વશિષ્ઠ એ સાંભળીને પ્રસન્નતાના પારાવારમાં ડૂબી ગયા.

ત્રણે વારાફરતી બોલી ઉઠયા:-"અહાહા, આજે હું શું સાંભળી રહ્યો છું ? આ તે સ્વપ્ન છે કે જાગૃતિ ? રામનાં લગ્નને પતાવવાની પવિત્ર આકાંક્ષાથી હું અહીં આવ્યો ત્યાં ભાગ્યના દેવતાએ આ શું કરવા ધાર્યું છે ? એણે મારાપર કેવો અનુગ્રહ કરવા માંડ્યો છે ? તમારા પ્રસ્તાવથી હું પ્રસન્ન થયો છું હું તેને નહિ ટાળી શકું. હું તેનો સ્વીકાર કરું છું.

રામ તથા લક્ષ્મણ વચ્ચે પુષ્કળ પ્રેમ છે. સદા સાથે જ રહે છે. તેઓની વચ્ચે ઉંડી લાગણી છે. બન્ને પરાક્રમી છે. યજ્ઞની રક્ષા કરીને બન્ને સાથે જ અહિં આવી પહોંચ્યા છે. એ દષ્ટિએ પ્રસ્તાવનું મૂલ્ય ઘણું મોટું છે. આ પ્રસ્તાવ સમયાનુરૂપ હોવાથી ઘણુ જ ગમી ગયું છે હું રાજા જનકને ધન્યવાદ આપું છું.

મહર્ષિ વશિષ્ઠના ઉદ્‌ગારોમાં પણ એવોજ ભાવ ટપકી રહ્યોઃ– અમારે માટે આ સમાચાર આનંદદાયક છે. ઉર્મિલા લક્ષ્મણ સાથેનું લગ્ન બધી રીતે ઉચિત છે. એ લગ્નને લીધે આપણા સ્નેહ સંબંધ વધારે સુદૃઢ બનશે. તમારા પ્રસ્તાવ સાથે હું સંપૂર્ણપણે સંમત છું.

રામ અને લક્ષ્મણ એ વાર્તાલાપ સાંભળીને આનંદ પામ્યા.

લક્ષ્મણનું દિલ તો અત્યંત હરખઘેલું બની ગયું. રામે તેના તરફ જોઈ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો.

પરિસ્થિતિ આવી રીતે એકદમ અનુકૂળ બની રહેશે એવી રામને કલ્પના પણ ન હતી.

લક્ષ્મણનું મન જનકનો પ્રસ્તાવ સાંભળીને શીતળ બની ગયું. પોતાની મનભાવતી વસ્તુ સરળ રીતે પ્રદાન કરવાની ઈશ્વરની યોજના બદલ તેનું હૃદય ગદ્‌ગદ્‌ બની ગયું.

એટલામાં તો મહર્ષિ વિશ્વામિત્રે કહ્યુંઃ–સીતા ને ઉર્મિલા બન્નેનાં લગ્નની તૈયારી બતાવવા માટે તમને ધન્યવાદ આપુ છું. આ અવસર અનેરા આનંદનો છે. તમારા શબ્દો સાંભળીને મને લાગે છે કે મારું રામ અને લક્ષ્મણનું શુભાગમન સફળ થયું છે. વિધિએ પડદા પાછળ ઘડી રાખેલી યોજના હવે જાહેર થઇ ગઈ. પરંતુ મારા અંતરમાં આ પ્રસ્તાવ સાંભળીને એક જુદોજ ભાવ તરી આવે છે. અને તમારી સંમતિ હોય તો હું એ ભાવને જાહેર કરી બતાવુ.

રાજા જનકે વિશ્વામિત્રના અંતરના ભાવને જાણવાની ઇચ્છા બતાવી એટલે વિશ્વામિત્રે આગળ કહ્યું હું જે કાંઇ કહીશ તે તટસ્થ રીતે તથા તમારા હિતની દૃષ્ટિને ધ્યાનમાં રાખીને જ કહીશ એ વાતમાં વિશ્વાસ રાખજો. તમે સીતા અને ઉર્મિલાનાં લગ્ન સંબંધની વાત કહી બતાવી પરંતુ તમારા ભાઇ કુશધ્વજ પણ સીતાના



સ્વયંવર નિમિત્તે હાલ અહીં આવેલા છે. તે તમારા નાના ભાઈ કુશધ્વજની બે કન્યા છે. તે રૂપ તથા ગુણમાં અનુપમ ગણાય છે. સીતા અને ઉર્મિલાની આવૃત્તિ જેવી એ બંને કન્યાઓની માગણી મહારાજા દશરથના બીજા બે પુત્રો ભરત તથા શત્રુઘ્નને માટે કરવાની કામનાને મારાથી નથી રોકી શકાતી. રાજા દશરથના બે પુત્રો પણ તરુણ, સ્વરૂપવાન તથા પરાક્રમી છે. રાજા કુશધ્વજની કન્યાઓનો સંબંધ એ બંને સાથે કરીને એ કન્યાઓના જીવનને તમે સફળ કરી શકશો અને કન્યારત્નોને યોગ્ય પાત્રને અર્પણ કરશો.

વિશ્વામિત્રની એ માગણીથી જનકને ઘણો આનંદ થયો. એકાદ ક્ષણતો એ ભારે ભાવાવશ બનીને બેસી રહ્યા. એમના ચક્ષુ અસાધારણ ચમકથી ચમકી રહ્યા.

પરંતુ પછી સંમતિ સૂચક સ્વરે બોલી ઉઠ્યા : તમારી માગણી મને ગમી છે. તમારા જેવા મહર્ષિ શ્રેષ્ઠની મારાપર આટલી બધી કૃપા છે. એને મારું સદ્‌ભાગ્ય માનું છું. તમારી માગણીને હું વધાવી લઉ છું. મારાભાઈ કુશધ્વજે ઉર્મિલાના વિવાહનો માગો વિચાર સાંભળીને રાજા દશરથના બે બીજા પુત્રોને માટે પોતાની કન્યાઓના સંબંધની લાગણી મારી આગળ વ્યક્ત કરેલી. હું એમની માંગણી થોડીક વારમાં કરવાનો જ હતો. ત્યાંજ તમે એમને માટે સામેથી માગણી કરી એમાં હું મારા પરના વિશેષ અનુગ્રહનું દર્શન કરું છું. કુશધ્વજને આ વાત સાંભળીને ઉંડો સંતોષ થશે. ઈક્ષ્વાકું વંશને યોગ્ય માનીને એની સાથે સંબંધ બાંધવાની આવી રીતે વધારે ને વધારે તક આપવા બદલ તમારો આભાર માનું છું.

'તમે મારી માગણી કોઈ પણ પ્રકારના સંકોચ કે વિલંબ વગર સ્વીકારી લીધી એ તમારી મહાનતા તથા ગુરુજનો પ્રત્યેની તમારી પ્રખર પૂજ્યબુદ્ધિ બતાવે છે. તમારી સ્વીકૃતિથી રાજા દશરથ મહા-

મુનિ વશિષ્ઠ તથા રામ અને લક્ષ્મણ સૌને આનંદ થયો છે. એમની મુખાકૃતિ પરથી એ સાફ દેખાઇ આવે છે.'

મહર્ષિ વિશ્વામિત્રની વાત સાચી હતી. તેની પ્રતીતિ એ સૌની મુખાકૃતિ જોઇને અને સૌના ઉત્સાહજનક શબ્દો સાંભળીને રાજા જનકને સહેલાઇથી થઈ ગઈ.

રાજા દશરથે ઉપસંહારમાં કહ્યું : 'ભરત ને શત્રુઘ્ન મને રામ તથા લક્ષ્મણ જેટલા જ પ્રિય છે. ચારે ભાઇઓ સ્નેહના અખંડ સમ્બંધથી બંધાયલા છે. ચારે એક આત્માના ચાર અંશ જેવા છે. એ ચારેના વિવાહની વ્યવસ્થા થવાથી મને જે ઉંડી કૃતાર્થતાનો અનુભવ થઈ રહ્યો છે, એની અભિવ્યક્તિ મારાથી શબ્દોમાં નથી કરી શકાય તેમ. ચારે ભાઇઓની માતાઓને માટે પણ આ સમાચાર ભારે ઉલ્લાસજનક થઇ પડશે.

સત્ય, શાંતિ અને સુખના અક્ષયધામનો સાચો અને સરળ રસ્તો પ્રેમ છે. વિશ્વનો આ એક જીવંત સિદ્ધાંત છે. મીરાં, તુકારામ અને ગૌરાંગ મહાપ્રભુ પ્રેમના પ્રભાવે જ મહાન બન્યાં છે.

## સદ્દભાવભરી ભેટ

'અધ્યાત્મ' માસિકને સાધકો ને વાંચકો યાદ કરીને ભાવપૂર્વક ભેટો મોકલતા રહે છે એ એમની સદ્ભાવના છે. છેલ્લે મળેલી ભેટોની વિગત આ પ્રમાણે છેઃ-

રૂા.

૨૫૧-૦૦ શ્રી હરેન્દ્રસિંહ બલવંતસિંહ સુરતિયા મુ. નાંદ તરફથી

૨૦-૦૦ ,, ભૂપેન્દ્ર સુરતિયા, મુા. નાંદ તરફથી

૨૦-૦૦ ડૉ. રાજેન્દ્રભાઇ ભટ્ટ, બારડોલી, છોકરીને પુત્ર પ્રાપ્તિ નિમિત્તે

૧૧-૦૦ શ્રી ચંદ્રકાન્ત બી. ટેલર, રાંદેર તરફથી

૨૫૧-૦૦ ,, વસંતભાઈ ભકત, પનામા તરફથી

૨૧-૦૦ ,, નાત્તમભાઇ પંડ્યા, ભાવનગર તરફથી પુત્ર અજયના યજ્ઞોપવીત પ્રસંગે

૧૧-૦૦ સુરતના એક સાધક

૫૧-૦૦ શ્રી ભૂરાભાઈ ચમનાજી પુરોહિત, પાલનપુર તરફથી બાબાઓના જન્મદિન નિમિત્તે

૬૨-૦૦ શ્રીમતી સવિતાબેન એ. હરગોવન, વેસ્ટવીલે, નાતાલ

૧૦ પાઉન્ડ શ્રી ગોવિંદભાઈ જી. મિસ્ત્રી રગ્બી, ઈંગ્લેન્ડ તરફથી મહેન્દ્રકુમારના લગ્ન પ્રસંગે

૨૫-૦૦ શ્રી ચીમનભાઈ હ. અમીન વડોદરા તરફથી સ્વ. કાશીબહેનના પુણ્યાર્થે

૫૧-૦૦ શ્રી દીપકભાઇ મોહનભાઇ શાહના પુત્ર ચિ. ચિરાગની બાધા પ્રસંગે.

# મન ને ઇંદ્રિયોનો સંયમ

મન ને ઇંદ્રિયોને જીતનારે આખા જગતને જીતી લીધું એમજ માની લેવું. જગતને જીતવા માટે જે શક્તિ જોઇએ છે તેથી વધારે શક્તિ, પોતાની જાતને જીતવા કે વશ કરવા જોઇએ છે. સાચી શાંતિ પણ એથી જ અથવા એના પરિણામે જ પામી શકે છે. એ શાંતિનો અક્ષય ભંડાર માણસની પોતાની અંદર જ પડેલો છે. પરંતુ તેને મેળવવાની મહેનત કરવાને બદલે તેને ભૂલીને તે પોતાની બહારની દુનિયામાં ફર્યા કરે છે ને ફાંફાં મારે છે. પરિણામે તે નાસીપાસ થાય છે, નિષ્ફળ જાય છે, ને અશાંતિનો અનુભવ કરે છે. બહારની દુનિયાની સાથે સાથે, એથી જરા પણ ઉતરતી, રહસ્યભરી ને નવીનતાવાળી નહિ એવી અંદરની દુનિયા–પોતાના દિલની દુનિયા છે, ને તેની માહિતી પણ મેળવવા જેવી છે, એ વાત માણસે નિરંતર યાદ રાખવી જોઇએ. એ યાદ રાખવામાં એનું શ્રેય સમાયેલું છે, અથવા તો એ યાદી તેના શ્રેયનું સરસ સાધન થઈ શકે તેમ છે એ નક્કી.

આવો ત્યારે, મન ને ઇંદ્રિયોના એવા સંયમને માટે આપણે મહેનત કરી, સફળતા મેળવી જીવનને ધન્ય ને ઉજ્જવળ કરીએ. કારણ જીવન ટૂંકુ ને કરવાનું કામ ઘણું મોટું છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨